dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-347 | AD-2026, Bhadarva Sud-13 | Thursday, Dt. 24-09-2026 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00


## આયુષ્માન ભારત યોજનાના ૮ વર્ષ પૂરા થતા પીએમ મોદીએ શુભેચ્છા પાઠવી

# ૬૦ કરોડથી વધુ લોકોએ મફત આરોગ્ય વીમાનો લાભ લીધો : મોદી

નવી દિલ્હી,તા.૨૩

દેશના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ગુણવત્તાયુક્ત તેમજ સસ્તું આરોગ્ય કવરેજ પૂરું પાડવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલી વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના 'આયુષ્માન ભારત'ને સફળતાપૂર્વક ૮ વર્ષ પૂર્ણ થયા છે. આ ખાસ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશના અગ્રણી નેતાઓએ યોજનાની સિધ્ધિઓને બિરદાવી હતી અને દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ'પર એક સંદેશ શેર કરતાં જણાવ્યું હતું કે, આઠ વર્ષ પહેલાં દરેક ભારતીય નાગરિકને ઉત્તમ અને સસ્તી તબીબી સુવિધાઓ મળી રહે તેવા વિઝન સાથે આયુષ્માન ભારત યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આજે દેશના ૬૦ કરોડથી વધુ લાભાર્થીઓ દર વર્ષે રૂ.૫ લાખ સુધીનું મફત આરોગ્ય કવર મેળવી રહ્યા છે, જેણે આ યોજનાને વૈશ્વિક સ્તરે સૌથી મોટી અને સફળ હેલ્થકેર સ્કીમ બનાવી દીધી છે.

વડા પ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, આ યોજનાના કારણે દેશના કરોડો ગરીબ અને સામાન્ય પરિવારોના તબીબી ખર્ચમાં રેકોર્ડબ્રેક બચત થઈ છે. તબીબી સારવાર પાછળ થતો આર્થિક બોજ ઓછો થવાથી સામાન્ય માણસનું આર્થિક સશક્તિકરણ પણ શક્ય બન્યું છે. આરોગ્ય સુવિધાઓ હવે દરેક ઘર સુધી પહોંચી રહી છે. પાયાના સ્તરે પ્રાથમિક આરોગ્ય સંભાળને સુદ્રઢ બનાવવા માટે સ્થપાયેલા 'આયુષ્માન આરોગ્ય



મંદિરો'માં અત્યાર સુધીમાં ૫ અબજથી વધુ લોકોએ મુલાકાત લઈને આરોગ્ય વિષયક સેવાઓ મેળવી છે, જે દેશના સ્વાસ્થ્ય માળખાની મજબૂતી દર્શાવે છે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ આ અવસરે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આઠ વર્ષ પહેલાં દેશવાસીઓની સેવાનો જે દ્રઢ સંકલ્પ લીધો હતો, તેણે કરોડો લોકો માટે તબીબી સેવાઓની સુલભતા સંપૂર્ણપણે બદલી નાખી છે. આજે આયુષ્માન ભારત પીએમ-જેએવાય યોજના હેઠળ દેશભરમાં ૪૮૫.૪ મિલિયનથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે, જેના થકી ૧૩૦ મિલિયનથી વધુ દર્દીઓએ હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર મેળવી છે. દેશભરની ૩૯,૦૦૦થી વધુ સરકારી અને નોંધાયેલી ખાનગી હોસ્પિટલો દ્વારા અત્યાર સુધીમાં રૂ.૨ લાખ કરોડથી વધુની મફત હોસ્પિટલાઈઝેશન અને સારવારનો લાભ નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યો છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ યોજનાની પ્રશંસા કરતાં કહ્યું કે, વડા પ્રધાનના કુશળ નેતૃત્વમાં શરૂ થયેલી આ યોજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે મોટી આર્થિક સુરક્ષાની ઢાલ બની છે. ગંભીર બીમારીઓ વખતે તબીબી ખર્ચની ચિંતા દૂર કરીને આ યોજનાએ લાખો પરિવારોને સ્વસ્થ, સુરક્ષિત અને સન્માનજનક જીવન જીવવાનો આધાર પૂરો પાડ્યો છે.

આ યોજનાથી નાગરિકોને હોસ્પિટલમાં ભરતી થવા સંબંધિત તમામ ખર્ચમાંથી મુક્તિ મળી છે. સરકારનો મુખ્ય ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે પૈસાના અભાવે કોઈ પણ નાગરિક સારી સારવારથી વંચિત ન રહે. આવનારા સમયમાં આ યોજનાનો વ્યાપ વધુ વિસ્તારીને દેશના અંતરિયાળ વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# SIR પર મતભેદના અહેવાલો ચૂંટણી પંચે ફગાવ્યા, તમામ નિર્ણયો સર્વાનુમતે લેવાયા હોવાનો દાવો

નવી દિલ્હી,તા.૨૩

દેશભરમાં ચાલી રહેલી મતદાર યાદીઓની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંગે ચૂંટણી પંચમાં મતભેદ હોવાના અહેવાલો સામે આવ્યા બાદ ચૂંટણી પંચે તે અહેવાલોને સ્પષ્ટપણે ફગાવી દીધા છે. પંચના સૂત્રો જણાવે છે કે SIR સહિતના તમામ નિર્ણયો સર્વાનુમતે અને પૂરી સંમતિથી લેવામાં આવ્યા હતા. મીડિયા અહેવાલમાં દાવો કરાયો હતો કે ચૂંટણી કમિશનરો સુખબીર



સિંહ સંધુ અને વિવેક જોશીએ નવેમ્બર ૨૦૨૫ થી ઓગસ્ટ ૨૦૨૬ વચ્ચે ૧૪ થી વધુ લેખિત વાંધા નોંધાવ્યા હતા. વાંધાઓ ફોર્મ ૬ માં ફેરફાર, મતદારોના નામ ઉમેરવા કે કાઢી નાખવા અને ડેટા એક્સેસ જેવા મુદ્દાઓ પર હતા. જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને બંને ચૂંટણી કમિશનરોની મંજૂરીથી જ તમામ નિર્ણયો લેવાયા છે. પંચમાં અલગ-અલગ મંતવ્યો હોવા સ્વાભાવિક છે પરંતુ આખરી નિર્ણયો સર્વાનુમતે જ થયા છે. બીજી તરફ, આ મુદ્દે વિપક્ષી પક્ષોએ ચૂંટણી પંચ સામે મોરચો માંડ્યો છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, શિવસેના (યુબીટી) અને આપ જેવા પક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનરની કામગીરી સામે પ્રશ્નો ઉઠાવ્યા છે અને સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસની માંગ કરી છે.

# કોલકાતામાં પાર્ટી ઓફિસ પર કબજા મુદ્દે ટીએમસી-ભાજપ કાર્યકરો વચ્ચે અથડામણમાં અનેક ઘાયલ

કોલકાતા,તા.૨૩

કોલકાતાના દક્ષિણ-પૂર્વ વિસ્તાર મુકુન્દપુરમાં સ્થાનિક પાર્ટી ઓફિસના નિયંત્રણને લઈને શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. વિવાદ વણસતાં પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.ટીએમસી કાર્યકરોનો આરોપ છે કે ભાજપે તેમની પાર્ટી ઓફિસ પર બળજબરીથી કબજો કરી લીધો હતો. આ અંગે પૂર્વ જાદવપુર પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર આપવા જઈ રહેલી ટીએમસીની રેલી પર ભાજપના કાર્યકરોએ હુમલો કર્યો હતો. આ હુમલામાં ભૂતપૂર્વ ધારાસભ્ય હુમાયુ કબીર અને ટીએમસી આઈટી સેલના વડા ઉપાસના ચૌધરી સહિત અનેક કાર્યકરો ઘાયલ થયા હતા તથા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી.બીજી તરફ, ભાજપે આ તમામ આરોપોને સખત શબ્દોમાં ફગાવી દીધા છે. ભાજપના સ્થાનિક નેતાઓનું કહેવું છે કે ટીએમસીના સભ્યો વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ પાછું મેળવવા માટે હિંસા ભડકાવી રહ્યા છે.






# તહેવારો દરમિયાન રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર બોમ્બે હાઈકોર્ટનો પ્રતિબંધ

મુંબઈ, તા.૨૩

તહેવારો દરમિયાન થતા ભારે અવાજ અને વાયુ પ્રદૂષણ અંગે નારાજગી વ્યક્ત કરતાં બોમ્બે હાઈકોર્ટે મંગળવારે મહત્વપૂર્ણ આદેશ આપ્યો હતો. કોર્ટે જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. ગણેશોત્સવ દરમિયાન આપવામાં આવેલા આ આદેશમાં કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ધાર્મિક શોભાયાત્રા અને કાર્યક્રમોમાં લાઉડસ્પીકર, ડીજે તથા લેસર લાઈટનો ઉપયોગ અયોગ્ય છે.કોર્ટે જણાવ્યું હતું કે મુંબઈ જેવા શહેરમાં દિવસ હોય કે રાત, જાહેર રસ્તાઓ પર




કોઈ પણ સંજોગોમાં ફટાકડા ફોડવાની મંજૂરી આપી શકાય નહીં. આવા કૃત્યથી અકસ્માતનો ભય રહે છે અને વાયુ પ્રદૂષણ તથા ધુમ્મસની સમસ્યા પણ વધે છે. ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે ટકોર કરતાં જણાવ્યું હતું કે ફટાકડા અને લાઉડસ્પીકરના ઉપયોગથી ભગવાન તરફથી કોઈ વધારાના આશીર્વાદ મળવાના નથી. જવાબદાર સમાજ તરીકે આવા અતિરેકને અટકાવવો જોઈએ.કોર્ટે પંઢરપુરની વારી શોભાયાત્રાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે લાઉડસ્પીકર કે ભારે અવાજ વિના પણ ધાર્મિક કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે યોજી શકાય છે. મહારાષ્ટ્ર સરકારે પોલીસ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા હોવાનું જણાવ્યું હતું, પરંતુ કોર્ટે કહ્યું હતું કે નિયમો કાગળ પર નહીં, પરંતુ વાસ્તવિક અમલમાં દેખાવા જોઈએ.કોર્ટે સૂચન કર્યું હતું કે પંડાલો અને સરઘસોની પરવાનગી વખતે મોટી સુરક્ષા રકમ લેવામાં આવે અને નિયમોનું ઉલ્લંઘન થાય તો તે રકમ જપ્ત કરવામાં આવે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે તે કોઈ તહેવાર કે ઉજવણીની વિરુધ્ધ નથી, પરંતુ નાગરિકોના સ્વાસ્થ્ય અને જાહેર સલામતીના ભોગે ઉજવણી કરી શકાય નહીં. ધાર્મિક લાગણીઓ અને જાહેર સલામતી વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે.







# જનક તળાવીયાના પ્રયાસોથી લાઠીના દહીંથરા-કાંચરડી માર્ગ પર રૂ. ૫૦ લાખના ખર્ચે નવો પુલ મંજૂર

લાઠી,તા.૨૩

લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી દહીંથરા-કાંચરડી માર્ગ પર રૂ. ૫૦ લાખના ખર્ચે હયાત કોઝવેની જગ્યાએ નવો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. દહીંથરા ગામે રામાપીરના મંદિર પાસે બનનારા આ પુલથી વર્ષો જૂની ગ્રામજનોની માંગ પૂર્ણ થશે. વરસાદી ઋતુમાં કોઝવે પર પાણી ભરાતા વાહનવ્યવહાર વારંવાર ખોરવાતો હતો, જેના કારણે વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો અને રોજિંદા મુસાફરોને મુશ્કેલી પડતી હતી. નવા પુલના નિર્માણથી બારમાસી અને સુરક્ષિત વાહનવ્યવહાર સુલભ બનશે. આસપાસના ગામોના



ખેડૂતોને ખેતઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે તેમજ આરોગ્ય, શિક્ષણ અને વેપાર-ધંધાને પણ લાભ થશે. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં મજબૂત રસ્તા અને પુલો માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પુલની મંજૂરી બદલ સ્થાનિક ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# અમરેલીની ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A. સેમેસ્ટર-૬માં ૯૪% પરિણામ

અમરેલી,તા.૨૩

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત તથા શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ)ખાતે કાર્યરત ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ-અમરેલીનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.A. (Psy) સેમ.-VI યુનિવર્સિટી



પરિણામ ૯૪% આવ્યું છે અને કોલેજે ૧૦૦% ડિસ્ટીંક્શન મેળવ્યું છે.આ પરિણામમાં અકબરી ક્રિનલ જે. ૯૩.૪૫% મેળવીને કોલેજ ફર્સ્ટ, ચૌહાણ દ્રષ્ટિ પી. ૯૨.૯૧% સાથે કોલેજ સેકન્ડ તેમજ ગૌસ્વામી જીનલ કે. ૯૨.૭૩% સાથે કોલેજ થર્ડ રહ્યા છે. ૯૪% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટીંક્શન મેળવવા બદલ શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રીમતી ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ તરફથી સ્ટાફ, સ્ટુડન્ટ્સ અને રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસે ખાંભામાં યોજાયો રક્તદાન કેમ્પ

અમરેલી,તા.૨૩



ખાંભામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનું આયોજન અમરેલી જિલ્લા ભાજપ યુવા મોરચા, ખાંભા તાલુકા ભાજપ યુવા મોરચા અને શ્રી સૌરાષ્ટ્ર નાગરિક સહકારી મંડળી દ્વારા કરવામાં આવ્યું હતું. તે 'સેવા સંકલ્પ અભિયાન - ૨૫ વર્ષ સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ખાંભાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયો હતો.

# સેટેલાઈટ સર્વે શરૂ કરી પાણી પત્રક બનાવવા બાબતે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને કરાઈ રજૂઆત

રાજુલા,તા.૨૩

જુની માંડરડી સેવા સહકારી મંડળી અને ધાતરવડી સિંચાઈ યોજના-૧ના પ્રમુખ રમેશભાઈ વી. વસોયાએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને પત્ર લખી સેટેલાઈટ સર્વે શરૂ કરવા અને પાણી પત્રક બનાવવાની માંગ કરી છે. પત્ર મુજબ, જૂન માસમાં કપાસ અને મગફળીનું વાવેતર કરાયા છતાં પાણી પત્રકમાં નોંધ ન થવાથી અને ઓનલાઈન ક્રોપ સર્વે ન દર્શાવવાને કારણે ટેકાના ભાવે વેચાણ વખતે ખેડૂતો મુશ્કેલી ભોગવી રહ્યા છે. અગાઉ ૧૫/૦૯/૨૦૨૫ના રોજ રજૂઆત છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. હાલ સેટેલાઈટ



સર્વે બંધ હોવા ઉપરાંત રાજુલામાં વી.સી.ઈ.ની નિમણૂક ન હોવાથી ફાર્મર રજીસ્ટ્રેશનમાં પણ હાલાકી પડી રહી છે. જેથી ખેડૂતોના હિતમાં ઝડપી નિર્ણય લેવા વિનંતી કરાઈ છે. આ પત્રની નકલ નાયબ કલેક્ટર, મામલતદાર અને ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલને પણ પાઠવવામાં આવી છે.

# સાવરકુંડલા-લીલીયા યુથ કોંગ્રેસની સંગઠનાત્મક બેઠકનું કરાયું આયોજન

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલા ખાતે સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી ચંદ્રકલા નાગોરીની અધ્યક્ષતામાં યુથ કોંગ્રેસની સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. બેઠકમાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ વનરાજ ખંઢેલા, NSUI પ્રમુખ જય ડાભી સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સંગઠનને બૂથ સ્તરે મજબૂત બનાવવા તથા આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# સાવરકુંડલાના વોર્ડ નં. ૮માં દૂષિત પાણીની આશંકાથી તંત્ર સામે લોકરોષ

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં. ૮માં પીવાના પાણીમાં ગટરનું દૂષિત પાણી ભળવાની આશંકાને પગલે ચિંતા ફેલાઈ છે. આ અંગે રઘુવંશી સમાજના અગ્રણી હિરેન સૂચક દ્વારા નગરપાલિકા પ્રમુખને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને જરૂરી મરામતની માગ કરવામાં આવી છે. રજૂઆતની નકલો ધારાસભ્ય મહેશ કસવાલા, સાંસદ ભરત સુતરીયા, ચીફ ઓફિસર, મામલતદાર અને અમરેલી કલેક્ટરને પણ મોકલવામાં આવી છે. વોર્ડમાંથી પીવાના પાણીના નમૂના લઈ લેબોરેટરી તપાસ, પાણી-ગટરની લાઈનો, ટાંકી, વાલ્વ અને કનેક્શનની તપાસ તથા દૂષણના સ્ત્રોતની મરામત કરવાની માગ કરાઈ છે. કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી ટેન્કરથી શુધ્ધ પાણી આપવા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી તપાસ કરવાની પણ રજૂઆત કરાઈ છે. વોર્ડ નં. ૮ નગરપાલિકા પ્રમુખનો વિસ્તાર હોવાથી અહીં જ આવી સ્થિતિ અંગે લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે.

# દામનગરની સહજાનંદ કોલેજમાં ગણપતિ મહોત્સવની ઉજવણી

દામનગર,તા.૨૩



દામનગરની સહજાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજ પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે વિદ્યાર્થીઓએ ગણપતિ બાપ્પાની આરાધના કરી હતી. આ પ્રસંગે આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા વિદ્યાર્થીઓમાં ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન થાય તે હેતુથી સમગ્ર મહોત્સવનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું. મહોત્સવ દરમિયાન કોલેજ પરિસરમાં ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

# દામનગરને લાંબા અંતરની એસ. ટી. બસો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા

દામનગર,તા.૨૩

દામનગરથી નજીક ભાવનગર અને બોટાદ એમ બે જિલ્લાની હદ શરૂ થાય છે. આ બે જિલ્લાના તાલુકા મથકના અહીંથી નજીકના ગામનાં લોકો જીવન જરૂરી વસ્તુઓ ખરીદવા દામનગર આવતાં હોય છે. બોટાદ જિલ્લાના રાજકોટ-ભાવનગર હાઈવે પરના ઢસા ગામ અને લાઠીથી અલગ-અલગ વિભાગની બસો પસાર થાય છે તે પૈકીની લાંબા અંતરની બસો દામનગર થઈને ચલાવવા માટે ધારાસભ્ય, સાંસદ, અને કહેવાતા શાસક પક્ષના આગેવાનો અને એસ.ટી.ના જીલ્લા મુખ્ય અધિકારીઓએ પોતાની ઓફિસમાંથી બહાર દામનગર આવી માગણી પ્રત્યે ધ્યાન આપે તેવી માગણી સ્થાનિકો કરી રહ્યા છે. તંત્ર લાંબા અંતરની બસો ફાળવે તેવી મુસાફરોની માંગ છે. આ બાબતે ખાસ તો સ્થાનિક ધારાસભ્ય એસ.ટી. ના અધિકારીઓ સાથે ચર્ચા કરીને દામનગર પંથકના લોકોની માગણી પૂરી કરે તે ઈચ્છનીય છે.

# ચલાલા નગરપાલિકામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

**ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના પદાધિકારીઓની હાજરી**

ચલાલા,તા.૨૩



ચલાલા નગરપાલિકા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી અને સ્થળ પર મળી રહે તે સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા, હિંમતભાઈ ડોંગા અને પ્રકાશભાઈ કારિયા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પ્રાંત અધિકારી, મામલતદાર કચેરી, પુરવઠા વિભાગ, આંગણવાડી વિભાગ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ચલાલા પીજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીઓએ હાજરી આપી હતી.

સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોની સેવાઓ અને યોજનાઓ અંગે લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ લાભાર્થીઓને જરૂરી સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે સ્થળ પર જ કામગીરી કરવામાં આવી હતી.

# સા.કુંડલાના શેલણા ગામે મામલતદાર ટ્રેક્ટર પર સવાર થઈ ખેડૂતોના પ્રશ્નોનો તાગ મેળવ્યો

અમરેલી,તા.૨૩

સાવરકુંડલા મામલતદાર એસ.બી. દેસાઈ અને રેવન્યુ વિભાગના કર્મચારીઓ જયવીરભાઈ ખુમાણ તથા નિલેશભાઈ પરમાર ટ્રેક્ટર પર સવાર થઈ શેલણા ગામે પહોંચ્યા હતા. મુશ્કેલ રસ્તાઓ વચ્ચે સ્થળ પર જઈ ખેડૂતોના પ્રશ્નો અને સમસ્યાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કુદરતી પાણીના વહેણને બંધ કરવામાં આવ્યો હોવાની રજૂઆત મળતા તેની પણ સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય કાળુભાઈ



લુણસર, પરબતભાઈ ગેડિયા, બટુકભાઈ ઉકાણી, અતુલભાઈ દ. ગભરૂભાઈ રામાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અશોકભાઈ રામાણી અને સુરેશભાઈ રામાણીએ પણ ખેડૂતોના પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી. કચેરી પૂરતી કામગીરી સીમિત ન રાખી અધિકારીઓએ સ્થળ પર જઈ સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કર્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
FESTIVAL OFFER



Destini 110
પર બમ્પર
₹2100
કેશ ડિસ્કાઉન્ટ
DESTINI 110
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz


|| શ્રી ગણેશાય નમઃ ||
|| શ્રી ૧૧ ||
|| શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# સાવરકુંડલામાં સદભાવના ગ્રુપ આયોજિત ગણેશજીને રૂા.૨૧ લાખની નોટોનો શણગાર

સાવરકુંડલા, તા. ૨૩



સાવરકુંડલા ખાતે સદભાવના ગ્રુપ દ્વારા આયોજિત ભવ્ય ગણેશ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત આજે ગણેશભક્તો માટે અનોખા અને આકર્ષક દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જે.વી. મોદી હાઈસ્કૂલ પાછળના ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલા ગણેશ મહોત્સવમાં આજે રૂ. ૨૧ લાખની ચલણી નોટોથી વિશેષ શણગાર કરાયેલા ગણપતિજીના દર્શન ભક્તોને કરાવવામાં આવશે. આ ઉપરાંત ગણપતિ બાપ્પાને સાત અલગ-અલગ કરન્સીમાં કુલ રૂ. ૧૦ લાખની રકમથી વિશેષ રીતે શણગારવામાં આવ્યા છે. 'લખપતિ ગણપતિ' તરીકે આ શણગાર ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. અનોખા શણગાર અને ભવ્ય આયોજનને નિહાળવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડવાની સંભાવના છે. ગણેશ મહોત્સવ દરમિયાન ભક્તિમય વાતાવરણમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ધારી-તુલસીશ્યામ રોડ પર કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં એકનું મોત નિપજ્યુ

ધારી,તા.૨૩




તસવીર : સંજય વાળા

ધારી-તુલસીશ્યામ રોડ પર આવેલા જીરા ગામ નજીક વળાંકમાં અર્ટિકા કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈકચાલકને ગંભીર ઈજા પહોંચતાં તેને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ અર્ટિકા કાર અને બાઈક બંને ધારી તાલુકાના કરમદડીની હતી જેમાં બાઈકચાલક કરમદડી ગામના કુકાભાઈ મંગાભાઈ પાટડીયા (ઉ.વ.૪૪)નું અમરેલી સારવાર દરમિયાન મોત નિપજ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ અકસ્માતની ઘટનાની જાણ થતા ધારી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**અકસ્માતમાં બાઈકચાલકને ગંભીર ઈજા થતા અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા સારવાર દરમિયાન દમ તોડ્યો**

# વીજપડી ગામે મેલડી માતાજીના મંદિરમાં ચોરી કરનાર ઝડપાયો

અમરેલી,તા.૨૩



વીજપડી ગામમાં આવેલા મેલડી માતાજીના મંદિરમાં તાળા તોડી ચોરીની ઘટના સામે આવી હતી. તસ્કરોએ મંદિરમાંથી ચાંદીનું છત્ર, દાગીના તેમજ દાનપેટીમાં રાખેલા રોકડા રૂપિયા ચોરી લીધા હતા. વહેલી સવારે ચોરીની જાણ થતાં સાવરકુંડલા રૂરલ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ તેમજ બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. ગણતરીની કલાકોમાં જ પોલીસે આરોપીને ઝડપી પાડી ચોરીનો તમામ મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. પોલીસે આરોપીની ધરપકડ બાદ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# મોટાદડવા અને હમીરપુરામાં જલઝીલણી અગિયારસ પર ઠાકોરજીની નગરયાત્રા

અમરેલી, તા. ૨૩



મોટાદડવા અને હમીરપુરા ગામમાં ઝલઝીલરણી અગિયારસ નિમિત્તે ભગવાન ઠાકોરજીને નવા નીરના જળથી સ્નાન કરાવવાની પરંપરા જાળવાઈ હતી. રામજી મંદિરેથી ઠાકોરજીને ગામની શેરીઓમાં સંગીતના સૂર સાથે લઈ જવાયા હતા. ચારણ નદીના કાંઠે આચમન કરાવી સુંદર વસ્ત્રો અને અલંકારથી શણગાર્યા બાદ સ્નાન કરાવવામાં આવ્યું હતું. મોટાદડવા ખાતે તબલાવાદક રાજુભાઈ પાડલિયાએ ૪૦ વર્ષથી નિસ્વાર્થ સેવા આપતા જૂની પરંપરા મુજબ પ્રાચીન ઢાળનાં ગીતો રજૂ કર્યા હતા. મંજિરા, ઝાંઝ અને પખવાજ સાથે ભક્તોએ કાલાવાલા કર્યા હતા. રામજી મંદિરના પૂજારી જેન્તીમહારાજ તથા હમીરપુરાના મનુમહારાજે ધાર્મિક વિધિ કરાવી હતી. ઠાકોરજીની નગરયાત્રા દરમિયાન ભાવિકોએ ઘરે પધરામણી કરાવી ભાવપૂર્વક ભોજન ધરાવ્યું હતું.

# ખાંભા તાલુકાના જામકા ગામે ૨૫ સપ્ટેમ્બરે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૨૩

નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓ મળી રહે તે હેતુથી ખાંભા તાલુકા વહીવટી તંત્ર દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બરે સવારે ૯થી સાંજના ૫ વાગ્યા સુધી જામકા ગામની પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય) કાર્યક્રમ યોજાશે. જેમાં જામકા, નિંગાળા-૨, વાંગધા, ત્રાકુડા, નવા માલકનેશ, જૂના માલકનેશ, હનુમાનપુર અને તાલડા સહિત ૮ ગામોના નાગરિકોને વિવિધ સેવાઓનો લાભ મળશે. આવક-જાતિના દાખલા, રેશનકાર્ડ સુધારા, ઈ-કેવાયસી, આધારકાર્ડ સેવાઓ, PMJAY નોંધણી, હેલ્થ ચેકઅપ સહિતની કામગીરી સ્થળ પર જ થશે. કૃષિ, પશુપાલન, પંચાયતની યોજનાઓ તેમજ અન્ય સેવાઓનો પણ લાભ મળશે.

# અમરેલી આર.ટી.ઓ. કચેરી દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનચાલકો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

અમરેલી તા. ૨૩

સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત વાહનચાલકોના સ્વાસ્થ્યની જાળવણી અને માર્ગ સલામતીના હેતુથી અમરેલી ખાતે બે દિવસીય નિઃશુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો હતો. તા. ૨૧ સપ્ટેમ્બરે અમર ટ્રેક્ટર્સ ખાતે ટ્રાન્સપોર્ટ વાહનોના ડ્રાઈવરો માટે તથા તા. ૨૨ સપ્ટેમ્બરે GSRTC બસ ડેપો ખાતે ડ્રાઈવર, કંડક્ટર અને વર્કશોપ સ્ટાફ માટે કેમ્પ યોજાયો હતો. આર.ટી.ઓ. અમરેલી, સી.ડી.એમ.ઓ.ની ટીમ, ટ્રાફિક પોલીસ, GSRTC અને અમર ટ્રેક્ટર્સના સંયુક્ત પ્રયાસોથી યોજાયેલા કેમ્પમાં કુલ ૨૦૮ જેટલા લોકોની નિઃશુલ્ક આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં બ્લડ શુગર, બ્લડ પ્રેશર અને આંખોની તપાસ કરવામાં આવી હતી. આરોગ્યની સમયસર તપાસથી તકલીફોનું વહેલું નિદાન થઈ શકે છે અને વાહનચાલકોમાં સ્વાસ્થ્ય જાગૃતિ સાથે માર્ગ સલામતીને પણ વધુ સુદૃઢ બનાવી શકાય છે.

# બાબરા પંચકુંડના ગેટ પાસેથી ટ્રાન્સપોર્ટના વેપારીનું બાઈક ચોરાયું

બાબરા, તા. ૨૩

બાબરા પંચકુંડના ગેટ પાસેથી ટ્રાન્સપોર્ટના વેપારીનું બાઈક ચોરાયું હતું. વાવડી ગામે રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી નિરવભાઈ રાવતભાઈ દેથળીયા (ઉ.વ. ૨૪)એ જાહેર કર્યા મુજબ, તેમની રૂ. ૩૦ હજારની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ બાબરા પંચકુંડના ગેટ સામેથી અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો.

# સરસીયા ગામની સગીરાએ ટીવી જોવા બાબતે ભાઈ સાથે ઝઘડા બાદ ગળાફાંસો ખાધો

ધારી, તા. ૨૩

ધારીના સરસીયા ગામની સગીરાએ ટીવી જોવા બાબતે ભાઈ સાથે ઝઘડા બાદ ગળાફાંસો ખાતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે અરુણભાઈ ડાયાભાઈ બોરીચા (ઉ.વ.૪૧)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી કલ્પના (ઉ.વ.૧૫)ને તેના નાનાભાઈ સાથે ટીવી જોવા બાબતે ઝઘડો થયો હતો. જેથી મનમાં ગુસ્સો આવતાં તેણે ગળાફાંસો ખાઈ લીધો હતો.

## અવસાન નોંધ

**રાજકોટ**

શ્રી યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ સ્વ.નરેન્દ્રભાઈ શાંતિલાલ દવે (ઉ.વ.૭૩)તે આકાશભાઈ, મલયભાઈ, મયંકભાઈના પિતાશ્રી તથા સ્વ.દિલીપભાઈ હરિલાલ દવેના બનેવીનું તા.૨૧-૦૯-૨૦૨૬, સોમવારના રોજ કૈલાસવાસ થયેલ છે. સદગતનું બેસણું તા.૨૪-૦૯-૨૦૨૬, ગુરૂવાર સાંજે ૪ થી ૬ કલાકે તુલસી બાગ, રૈયા ટેલિફોન એક્સચેન્જ રોડ, સોમનાથ સોસાયટી - ૩, રાજકોટ ખાતે રાખેલ છે.પિયર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

**બાબરા**

બાબરા શ્રી તાપડિયા આશ્રમના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી ઘનશ્યામદાસજી મહારાજશ્રીના માતુશ્રી ગં.સ્વ. શ્રી મુક્તાબેન જીવરામ બાપુ નિમાવત, ગામ ઈંગોરાળા (ગીરા), તાલુકો ગઢડા, જિલ્લા બોટાદનું તા. ૨૨/૦૯/૨૦૨૬, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે.તેમનું બેસણું તા. ૨૫/૦૯/૨૦૨૬, શુક્રવારના રોજ બપોર બાદ તેમના નિવાસસ્થાને ઈંગોરાળા (ગીરા), તાલુકો ગઢડા, જિલ્લા બોટાદ મુકામે રાખવામાં આવેલ છે.




# જાફરાબાદ પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં પુરુષે ફિનાઈલ ગટગટાવ્યું

**પુત્રીનો કબજો મેળવવા આત્મહત્યાનો પ્રયાસ**

જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ પોલીસ સ્ટેશન પરિસરમાં પુત્રીનો કબજો મેળવવાની બાબતે એક પુરુષે ફિનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી હતી. પત્ની અને સસરા પક્ષ સાથે ચાલી રહેલા પારિવારિક વિવાદમાં પોલીસ પર દબાણ ઊભું કરવાના ઈરાદે તેમણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું હતું.બાબરકોટ ગામના રહેવાસી રવજીભાઈ આતુભાઈ સાંખટના લગ્ન જાફરાબાદના રમેશભાઈ પાંચાભાઈ પરમારની પુત્રી અંજલી સાથે થયા હતા. બંને વચ્ચે તકરાર થતાં પત્ની અંજલી પુત્રી અનવીને લઈને પિયર રહેવા જતી રહી હતી. ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ રવજીભાઈએ જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં અરજી આપી પોતાની પુત્રીનો કબજો અપાવવા માગણી કરી હતી. જોકે, બાળકીના કબજા બાબતે કોર્ટમાં કાનૂની કાર્યવાહી કરવાની રહેતી હોવાથી તેમજ ઘટનાસ્થળ બાબરકોટ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન હદમાં આવતું હોવાથી પોલીસે તેમને યોગ્ય સ્થળે રજૂઆત કરવા સમજાવ્યા હતા.ત્યારબાદ ૨૧ સપ્ટેમ્બરના રોજ રવજીભાઈએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી કે, ૨૦ સપ્ટેમ્બરના રોજ નર્મદા કોલોની પાસે તેમના સસરા રમેશભાઈ પુત્રી અનવીને રમાડતા હતા, ત્યારે પોતે પુત્રીને રમાડવા માગતાં સસરાએ બોલાચાલી કરી તેમના ગાલ પર તમાચો મારી દીધો હતો. પોલીસે આ મામલે નોન-કોગ્નિઝેબલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. તે જ સમયે સામા પક્ષે સસરા રમેશભાઈ પણ રવજીભાઈ સામે ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતા. પોલીસ સ્ટેશનમાંથી નીકળતી વખતે રવજીભાઈએ કહ્યું હતું કે, 'જો તમે મને મારી દીકરી નહીં અપાવો તો હું શું કરીશ તે તમે વિચારી પણ નહીં શકો.' આ રકઝક બાદ રવજીભાઈએ પોતાની સાથે લાવેલી ફિનાઈલની બોટલમાંથી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ ફિનાઈલ પી લીધું હતું. ઘટનાને પગલે પોલીસકર્મીઓ દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડીને આગળની કાયદેસરની તજવીજ હાથ ધરી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.







## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા અસીલશ્રી ગીતાબેન વિનુભાઈ બગડા રહે, અમરેલીવાળાએ અમો પાસે અમરેલી જીલ્લા વ તાલુકાના અમરેલી ગામે સુધરાઈ હદમાં ચિતલ રોડ રસ્તે આવેલ શ્રી ગુરુકૃપાનગર મંદીર સામે રે.સ.નં.૧૨ પૈકી, સીટી સર્વે નં.૨૮૦૪ પૈકીની બીન ખેડવાણ જમીન માટે "શ્રીરંગ સોસાયટી"ના પ્લોટ નં.૧૧ પૈકીની જમીનમાં આવેલ રહેણાંક મકાન જેમાં ત્રણ રૂમ, હોલ, રસોડું, સંડાસ-બાથરૂમ તથા ફળી આવેલી છે. આ મિલકત અમારા ઉપરોક્ત અસીલશ્રી નોટરાઈઝ બાનાખત સી.નં.૨૫૦૧ થી કરી ગીરધરભાઈ સાજણભાઈ પરમાર પાસેથી ખરીદવા માંગે છે. તેના ચો.મી.૧૩૭-૨૫ છે.

સદરહુ પ્લોટની જમીનના ખાતેદાર દિવાળીબેન શંભુભાઈ પટેલની હતી અને તેઓના નામેજ બિનખેતી ફેરવાવેલ છે. ત્યારબાદ તેઓના કુલ મુખત્યાર મહેશકુમાર લાભશંકર શુક્લ દ્વારા તા.૦૫-૦૭-૧૯૮૪ના રોજ રજી.વે.દ.નં.૧૨૬૯, થી ચુનીલાલ ત્રિભોવનદાસ છાંટબારે વેચાણ રાખેલ છે, પરંતુ ત્યાર બાદ ચુનીલાલ ત્રિભોવનદાસ છાંટબાર પાસેથી તેઓનો અસલ દસ્તાવેજ ખોવાય ગયેલ છે તેમજ તે બાબતેનો ઉલ્લેખ તેઓએ તેઓના રજી.વે.દ.નં.૨૪૬૫, તા.૨૪-૦૫-૨૦૧૧ના રોજથી ગીરધરભાઈ સાજણભાઈ પરમારને કરી આપેલ વેચાણ દસ્તાવેજમાં જાહેર કરેલ છે તેમજ ત્યારબાદ તેઓ પાસેથી ગીરધરભાઈ સાજણભાઈ પરમારે સદરહુ મકાન મિલકત વેચાણ રાખેલ છે. અને ગીરધરભાઈ સાજણભાઈ પરમારે સદરહુ મકાન મિલકત બેંક ઓફ બરોડામાં હાઉસીંગ લોન કરી કરાવતા તેવોએ પોતાની લોનના કામે તા.૨૪-૦૪-૨૦૧૧, ના રોજ પબ્લીક નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે જે બાબતે આજસુધી કોઈ વાંધા તકરાર કોઈ વ્યક્તી દ્વારા આવેલા નથી અને તે બાબતેની લીગલ પ્રોસીજર એડોપ્ટ થયેલી છે, તેમજ તે મકાન મિલકત તેઓ પાસેથી સદરહુ અમારા ઉપરોક્ત અસીલશ્રી, તા.૧૦-૦૯-૨૦૨૬, ના રોજ નોટરાઈઝ બાનાખત સી.નં.૨૫૦૧ થી કરી શ્રી ગીરધરભાઈ સાજણભાઈ પરમાર પાસેથી ખરીદવા માંગે છે. તે મિલકતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈને તે રીતે સદરહુ મકાન મિલકતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોક્ત કુલમુખત્યાર દરજે થયેલ છે. ત્યારે સદર કુલમુખત્યાર નામું અમલમાં હતું.

તો ઉપરોક્ત મિલકતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તીનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું, હિત સમાયેલ હોઈ કે ઉપરોક્ત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોઈ, કે તેના પર બોજો કરવામાં આવેલ હોઈ, અથવા કોઈ વ્યક્તિનો લાગ ભાગ, હક્ક-હિસ્સો હોય અથવા આ મીલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દ્વારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોઈ જેથી નિયમોનુસાર સદરહુ મિલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલકત અંગે કોઈને કઈ પણ હરકત કે વાંધા તકરાર હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોઈ તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ)કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ /એનો.ઓ.સી "ઈસ્યુ કરવામાં આવી ઉપરોક્ત સમય વીત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૩/૦૯/૨૦૨૬

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ, અમરેલી.

શોપ નં. ૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી,

# વાંકીયા નજીક શેત્રુંજી નદીમાં રેતીચોરી કરતા બે ડમ્પર અને ટ્રેક્ટર જપ્ત કરાયા

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદીમાંથી રેતીચોરીની ફરિયાદો વધતા જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના આદેશથી ખાણ-ખનીજ વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી.

રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે.એમ. સોલંકીના નેતૃત્વમાં ટીમે વાંકીયા ગામ નજીક શેત્રુંજી નદીમાં ખાનગી વોચ ગોઠવી દરોડો



પાડતા રેતીચોરી કરનારાઓમાં નાસભાગ મચી હતી. કાર્યવાહી દરમિયાન બે ડમ્પર, બે ટ્રેક્ટર અને રેતી ચાળવાના ચાર ચારણા સહિત રૂ.૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. વાંકીયા અને આસપાસના વિસ્તારમાં રેતીચોરીનું નેટવર્ક સક્રિય હોવાની માહિતીના આધારે વધુ તપાસ હાથ ધરાઈ છે.

ખાણ-ખનીજ વિભાગ દ્વારા ચાલુ માસમાં ૨૩ કેસો અને ૧૫૦ લાખની વસૂલાત કરવામાં આવી છે તેમજ ૧૩૦ કેસો અને ૧૭૦ લાખની વસૂલાત કરવામાં આવી છે.

# બાબરા તાલુકાના ફુલઝર ગામે સુવિધાપથ માટે રૂ. ૫૦ લાખ મંજૂર કરાવતા જનક તળાવીયા

બાબરા,તા.૨૩

બાબરા તાલુકાના ફુલઝર ગામના પ્રજાજનોની લાંબા સમયથી મહત્વપૂર્ણ માગણી પૂર્ણ થઈ છે. ગામના સુવિધાપથ (સી.સી. રોડ) માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાએ સતત રજૂઆત કરી હતી. ફુલઝર ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા-કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ



મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે. આ મંજૂરી મળતાં સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, આગેવાનો તથા ગ્રામજનોએ જનક તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો છે. જનક તળાવીયાએ આ તકે જણાવ્યું હતું કે, "ફુલઝર ગામે મંજૂર થયેલ આ સી.સી. રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવનારા સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામના વિકાસ માટે હું સતત પ્રયત્નશીલ રહીશ."

# દામનગરના ખેડૂતને વીડિયો કોલમાં ઓટીપીનો સ્ક્રીન શોટ કરવો ભારે પડ્યો

**ખાતામાંથી રૂ. ૩.૧૮ લાખ ઉપડી ગયા**

દામનગર, તા. ૨૩

દામનગરના ખેડૂતને વીડિયો કોલમાં સ્ક્રીન શેર કરવી ભાડે પડી હતી. તેમના ખાતામાંથી રૂ. ૩.૧૮ લાખ ઉપડી ગયા હતા. બનાવ અંગે નાગજીભાઈ પુનાભાઈ બુધેલીયા (ઉ.વ. ૬૬)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમને વીડિયો કોલ કરી ×ગુજરાત એનર્જી ગેસમાંથી બોલું છું× તેમ કહી ગેસનું બિલ અપડેટ કરવાની ખોટી ઓળખ આપી હતી. ત્યારબાદ તેમના અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના એ.ટી.એમ. કાર્ડની માહિતી મેળવી અને વીડિયો કોલ ચાલુ રખાવી સ્ક્રીન શેર કરાવી હતી. આ રીતે ઓ.ટી.પી. મેળવીને બેંક એકાઉન્ટનું એક્સેસ મેળવી તેમના ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૩,૧૮,૦૦૦ ઉપાડી લીધા હતા. દામનગર પોલીસ સ્ટેશનના પી. આઈ. એન.જી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના હાથસણી ગામે જલજિલણી એકાદશી પર્વની ધામધૂમથી કરાઈ ઉજવણી

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે જલજિલણી (પરિવર્તિની) એકાદશી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક ઉત્સવ નિમિત્તે ગામમાંથી વિશાળ સંખ્યામાં ધર્મપ્રેમી લોકો એકઠા થઈને ઉત્સાહભેર જોડાયા હતા અને પર્વની પરંપરાગત રીતિ-રિવાજ



તસવીર : સૌરભ દોશી

મુજબ ઉજવણી કરી હતી.

આ પ્રસંગે ગામમાં આવેલા રામજી મંદિર, સ્વામિનારાયણ મંદિર તેમજ આપા ગીગાની જગ્યા ખાતે બિરાજમાન ભગવાન બાળ કૃષ્ણને ઝૂલામાં પધરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ગ્રામજનો દ્વારા ગામ પાસેથી પસાર થતી દેદુમલ નદીના પવિત્ર નીરમાં પ્રભુને સ્નાનવિધિ કરાવવા માટે રજવાડી ઠાઠ સાથે એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વયંભૂ ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો જોડાઈને ધન્યતા અનુભવી હતી.

# અમરેલીમાં પતિને મરવા મજબૂર કરનારા બે ઈસમો સામે પત્નીએ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં પતિને મરવા મજબૂર કરનારા બે ઈસમો સામે પત્નીએ ફરિયાદ નોંધાવી હતી. દર્શનાબેન રવિન્દ્રભાઈ ઉર્ફે રવીભાઈ ઠુંમર (ઉ.વ.૪૧)એ ઉદયભાઈ મનુભાઈ ધાનાણી તથા નાગનાથ મેડિકલના કેવલભાઈ કાંતિભાઈ ગળથીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ આરોપી ઉદયભાઈ ધાનાણી સાથે શ્યામ સુંદર ગ્રુપમાં કામ કરતા હતા તે દરમિયાનના ૪૦-૪૫ લાખ રૂપિયા લેવાના હતા. જે તેઓ આપતા નહોતા. ઉપરાંત કેવલભાઈ ગળથીયા પાસેથી પણ નાગનાથ મેડિકલની ભાગીદારીના પૈસા લેવાના નીકળતા હતા જે તેઓ પણ ચૂકવતા નહોતા. બીજી તરફ પતિએ જે લોકો પાસેથી પૈસા લીધા હતા તેઓ ઉઘરાણી કરતા હતા. જેના લીધે તેમના પતિએ આર્થિક સંકડામણમાં આવીને ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લેતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.

# રાજુલાના ચાંચ ગામે પત્નીને ધક્કો લાગતાં ઠપકો આપતાં મૂંઢ માર માર્યો

**જાનથી મારવાની ધમકી પણ આપી**

રાજુલા, તા. ૨૩

રાજુલાના ચાંચ ગામે પત્નીને ધક્કો લાગતાં ઠપકો આપતાં ઢીકાપાટુનો મૂંઢ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારવાની ધમકી પણ આપી હતી. કમલેશભાઈ જેરામભાઈ ગુજરીયા (ઉ.વ.૨૬)એ અજયભાઈ સુરાભાઈ શિયાળ, કમલેશભાઈ હરિભાઈ શિયાળ તથા વિશાલભાઈ હરિભાઈ શિયાળ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ તેમના પત્ની ગણપતિ દાદાના દર્શન કરીને ઘરે જતા હતા ત્યારે કોળી સમાજની વાડી સામે પહોંચતાં ધક્કામુક્કીમાં અજયભાઈ સુરાભાઈ શિયાળથી તેમના પત્નીને ધક્કો લાગી ગયો હતો. તેમના પત્નીએ ઠપકો આપતાં આરોપીને સારું નહોતું લાગ્યું.

જેથી અજયભાઈ શિયાળ બાજુમાંથી પાવડો લઈને આવ્યા હતા અને તેમના માથામાં એક ઘા મારી ટાંકા આવે તેવી ઈજા કરી હતી તથા બીજો ઘા મારતાં ડાબા હાથની ટચલી આંગળી પર ઈજા થઈ હતી. કમલેશભાઈ શિયાળે હાથમાં પહેરવાનું કડું માથામાં મારી ટાંકા આવે તેવી ઈજા કરી હતી. ત્રણેય આરોપીઓએ તેમને ઢીકાપાટુ વડે માર માર્યો હતો તથા અજયભાઈ શિયાળે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના ખજુરી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, ગ્રામજનોને વિવિધ સેવાનો લાભ

અમરેલી,તા.૨૩

વડિયા તાલુકાના ખજુરી ગામે ગ્રામજનોની સુવિધા માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા લોકોના ઘરઆંગણે જ વિવિધ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોને ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ તેમજ વિવિધ પ્રકારના દાખલા સહિતની કામગીરી સ્થળ પર જ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મામલતદાર, નાયબ મામલતદાર સહિતના



અધિકારીઓ તેમજ તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત સદસ્ય પતિ હરેશભાઈ રાદડિયા અને ખજુરી ગામના સરપંચ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સેવા સેતુ અંતર્ગત ગ્રામજનોની રજૂઆતો સાંભળી સંબંધિત સરકારી સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ સરકારી યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી. ગામમાં જ સરકારી સેવાઓનો લાભ મળતાં ગ્રામજનોને મામલતદાર કચેરી સુધી જવાની મુશ્કેલીમાંથી રાહત મળી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૨૪-૦૯-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૧૦,
સૂર્યાસ્ત-૦૬:૧૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

**તા.૨૪-૦૯-૨૦૨૬ ગુરુવાર**

મેષ: જો કોઇ રૂપિયા ફસાયેલા છે તો તેને પ્રાપ્ત કરવા માટે સમય અનુકૂળ છે. પતિ-પત્ની તથા પરિવારના સભ્યો વચ્ચે ચાલી રહેલાં મતભેદ દૂર થશે.

વૃષભ: આધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ રસ રહેશે. ઘરનું વાતાવરણ સુખદ અને સુખમય રહેશે. આ સમયે આર્થિક પક્ષ થોડો નબળો રહી શકે છે.

મિથુન: થોડા સાવધાન રહો, નજીકના લોકો જ તમારી સાથે વિશ્વાસઘાત કરી શકે છે. વધારે વ્યસ્તતાના કારણે ઘરમાં વધારે ધ્યાન આપી શકશો નહીં.

કર્ક: લાંબા સમયથી ચાલી રહેલી કોઇ ચિંતા દૂર થશે. વધારે મહેનતના કારણે નસમાં દુખાવો થઈ શકે છે. કોઇ વિરોધી તમારા માટે નકારાત્મક પરિસ્થિતિઓ તો બનાવશે.

સિંહ: ભાઇઓ સાથે ચાલી રહેલો મતભેદ દૂર કરવામાં તમારી વિશેષ ભૂમિકા રહેશે. ખર્ચ વધારે રહેશે પરંતુ ગભરાશો નહીં. આ ખર્ચ તમારા થોડા સારા માટે રહેશે.

કન્યા: ઘરનું વાતાવરણ સુખદ રહેશે. જમીનને લગતા મામલાઓ અંગે પોઝિટિવ ચર્ચા-વિચારણાં પણ થશે. આજે કાર્યક્ષેત્રમાં કોઇ સોનેરી અવસર હાથમાં આવશે.

તુલા: તમે તમારાં કાર્યોની વ્યસ્તતા તથા પારિવારિક જીવન વચ્ચે તાલમેલ સારો જાળવશો. વિદ્યાર્થી વર્ગને તેમના અભ્યાસમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

વૃશ્ચિક: મશીન, સ્ટાફ વગેરે સાથે જોડાયેલી નાની-મોટી પરેશાનીઓ વેપારમાં આવશે. પારિવારિક સુખ-શાંતિની દૃષ્ટિએ સમય ઉત્તમ રહેશે.

ધન: પાડોસીઓ અને સંબંધીઓ સાથે સંબંધમાં કોઇપણ પ્રકારનો મનમુટાવ ન આવે તેનું ધ્યાન રાખો. કાયદાકીય મામલે તમને વિજય પ્રાપ્ત થશે.

મકર: વેપાર તથા કારોબારમાં તમારા લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. કાયદાકીય મામલે કોઇ નિષ્ણાતની સલાહ લો, તમને યોગ્ય સમાધાન મળશે.

કુંભ: ધનને લગતી પરેશાની રહેશે, કોઇ નજીકના મિત્રની મદદથી સમસ્યાનો ઉકેલ પણ મળી જશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. સમય મહેનત કરવાનો છે.

મીન: ખોટા વાદ-વિવાદ કે તર્ક-વિતર્કમાં પડશો નહીં. રાજકીય મામલાઓને લઇને સાવધાન રહેવું જરૂરી છે. મોબાઇલ, ઇમેલ દ્વારા કોઇ શુભ સમાચાર પણ પ્રાપ્ત થઇ શકે છે.

# ટીંબી પાસે શીતળા માતાજીના મંદિરે જળઝીલણી અગિયારસની ઉજવણી

જાફરાબાદ,તા.૨૩

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ નજીક શાણા-વાંકીયા રોડ પર આવેલા શીતળા માતાજીના મંદિર ખાતે જળઝીલણી અગિયારસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિર પાછળના રૂપેણ નદીના ડેમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિનારાયણ ગુરુકુલ



તસવીર : બાબુ વાઢેળ

રાજકોટ સંસ્થાનની ઉના શાખા દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંતો-મહંતોએ પૂજા-અર્ચના સહિતના ધાર્મિક કાર્યક્રમો કર્યા હતા. જૂનાગઢ ગુરુકુલના માતૃવાત્સલ્ય સદગુરુ પુરાણી જ્ઞાનજીવનદાસજી સ્વામી સહિતના સંતોએ ઉપસ્થિત રહી શોભા વધારી હતી. ડેમમાં શણગારેલી હોડીમાં સંતો દ્વારા પૂજા કરવામાં આવી હતી. તરવડા ગુરુકુલના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. નાગેશ્રી પોલીસના PSI હડિયા સહિત પોલીસ સ્ટાફ, આગેવાનો, પત્રકારો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં એક મહિલા સહિત છ લોકો પાસેથી ૨૦ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં એક મહિલા સહિત છ લોકો પાસેથી ૨૦ લીટર દેશી દારૂ પકડાયો હતો.

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી સાત ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજુલામાંથી ચાર પત્તા પ્રેમી પકડાયા

રાજુલા, તા.૨૩

રાજુલામાંથી પોલીસે ચાર પત્તા પ્રેમી ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૨૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. સાહિલ ફિરોજભાઈ દલ, જુનેદ અનવરભાઈ કુરેશી,સંજયભાઈ ગોબરભાઈ ચાવડા તથા અયુબ દિલાવરભાઈ કુરેશી ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૨૭૦૦ સાથે ઝડપાયા હતા.

# અમરેલી શહેરમાં યુવકના માથામાં ચાનો કિટલો મારતાં ગંભીર ઈજા

**ગાળો બોલી જાનથી મારવાની ધમકી પણ આપી**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં એક યુવકના માથામાં ચાનો કિટલો મારતાં ૯ ટાંકા આવ્યા હતા. તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે ધર્મકુમાર જાગૃતભાઈ જોષીપુરા (ઉ.વ.૩૬)એ સંદીપકુમાર ઉર્ફે સેન્ડી બાવચંદભાઈ ધાનાણી (ઉ.વ.૪૩) સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ તેઓ રાજ ચામુંડા પાન ખાતે માવો ખાવા માટે ગયા ત્યારે આરોપી ત્યાં હાજર હતો. આરોપીએ તેમને કોઈપણ કારણ વિના ત્યાંથી જતા રહેવાનું કહી જાનથી મારી નાખવાના ઈરાદે ચાના કાઉન્ટર પરથી કિટલો લઈ માથાના ભાગે ચાર-પાંચ જેટલા ઘા માર્યા હતા. જેનાથી માથામાં અલગ-અલગ જગ્યાએ ૯ ટાંકા આવ્યા હતા તેમજ હેમરેજ જેવી મરણતોલ ઈજા થઈ હતી. આરોપીએ તેમને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એન.બી. ભટ્ટ વધુ તપાસ કરી રહ્યા છે.

# વિરડી ગામે કેદારીયા જવાના કાચા રસ્તે સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરવા મુદ્દે યુવક પર છરીથી જીવલેણ હુમલો

**'વીડિયો કેમ વાયરલ કર્યો, આજે તો તને પતાવી દેવો છે' કહી ધમકી આપી**

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાના વિરડી ગામે કેદારીયા જવાના કાચા રસ્તે સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરવા મુદ્દે યુવક પર છરીથી જીવલેણ હુમલો કરાયો હતો. તેમજ 'વીડિયો કેમ વાયરલ કર્યો, આજે તો તને પતાવી દેવો છે' તેવી ધમકી પણ આપી હતી. બનાવ સંદર્ભે શંભુભાઈ પ્રેમજીભાઈ કલાણીયા (ઉ.વ.૪૫)એ બાવચંદભાઈ ગણેશભાઈ લોદરીયા (રહે. વિરડી), હાર્દિકભાઈ (રહે.નાળ), ગોપાલભાઈ ભરતભાઈ (રહે.ખુટવડા) તથા રાણાભાઈ ગણેશભાઈ લોદરીયા (રહે. વિરડી) સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, વિરડી ગામના અવેડાની મોટર પંદરેક દિવસ પહેલા ખરાબ થઈ ગઈ હતી. જેની જાણ તેમણે વિરડી ગામના સરપંચને કરી હોવા છતાં સરપંચે મોટર રિપેર કરાવી નહોતી. તેમણે મોટર રિપેર કરાવી તેનો જાણ કરતો વીડિયો ફેસબુક ઉપર અપલોડ કર્યો હતો. જેનું મનદુઃખ રાખી તેઓ પોતાની ભાગવી રાખેલ વાડીએથી પોતાનું મોટરસાઈકલ લઈને ઘરે આવતા હતા તે દરમિયાન વિરડી ગામ નજીક નેરામાં પહોંચતાં બાવચંદભાઈ લોદરીયા લોખંડની પાઈપ, હાર્દિકભાઈ છરી તથા ગોપાલભાઈ લાકડી લઈને આવ્યા હતા. બાવચંદભાઈએ તેમને ગાળો આપીને કહ્યું હતું કે, 'વીડિયો કેમ વાયરલ કરેલ છે અને આજે તો તને પતાવી દેવો છે' તેમ કહી ફટકાર્યો હતો. તેમજ મારી નાખવાના ઈરાદે છરીનો એક ઘા માથાના ભાગે માર્યો હતો. આરોપીઓએ ગાળો આપી માથાના ભાગે તથા શરીરે આડેધડ લાકડી વડે માર માર્યો હતો. ઉપરાંત તેમને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી, જેમાં ૧૨ ટાંકા આવ્યા હતા. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણી વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ફરજિયાત ડેટા રિચાર્જનો બોજો દૂર થયો

અત્યાર સુધી મોબાઈલ રિચાર્જ કરવા માટે સાદો (બટન વાળો) ફોન હોય તો પણ ફરજિયાત ડેટા પ્લાન લેવો પડતો હતો, જેનો કોઈ ઉપયોગ જ થતો નહોતો. સિનિયર સિટીઝન સહિતના જે લોકો માત્ર કોલ કરવા માટે જ ફોન વાપરે છે, તેમના પર આ એક ખૂબ મોટું આર્થિક ભારણ હતું. આ બાબતે ઘણા લાંબા સમયથી ફરિયાદો આવી રહી હતી, પરંતુ મોબાઈલ કંપનીઓ કોઈનું સાંભળતી નહોતી. આખરે સરકારે તેમને સૂચના આપી છતાં તેનો યોગ્ય અમલ થયો નહોતો. પરંતુ હવે જ્યારે આ નિયમ ફરજિયાત કરવામાં આવ્યો છે, ત્યારે દેશના કરોડો સાદા મોબાઈલ ધારકોને મોટી રાહત થવાની છે.

મોબાઈલ વાપરતા સામાન્ય લોકો માટે આ આનંદના સમાચાર છે. ભારતની ટેલિકોમ નિયામક સંસ્થા 'ટ્રાઈ' (TRAI) એ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગ્રાહક સુરક્ષા માટે એક નવો નિયમ બહાર પાડ્યો છે. આ નિયમનો મુખ્ય મુદ્દો એ છે કે હવે દરેક ટેલિકોમ કંપનીએ ફક્ત કોલ કરવા પૂરતો (ઓન્લી કોલિંગ) પ્લાન આપવો જ પડશે, જેમાં ઈન્ટરનેટ ડેટા નહીં હોય. તેમાં માત્ર વાત કરવાની અને સંદેશા (SMS) મોકલવાની સુવિધાઓ જ ઉપલબ્ધ હશે.

આ નિયમ જિયો, એરટેલ અને વૉડાફોન-આઈડિયા (vi) સહિતની તમામ કંપનીઓને લાગુ પડશે. જાહેરનામું બહાર પડ્યાના એક મહિના પછી તેનો અમલ શરૂ થશે, એટલે કે ઓક્ટોબર ૨૦૨૬થી ગ્રાહકોને આ નવી સગવડનો લાભ મળવા લાગશે.

નવા નિયમ મુજબ, કંપનીઓ જેટલા દિવસનો ડેટા સાથેનો પ્લાન આપે છે, તેટલા જ દિવસનો ડેટા વગરનો (ઓન્લી વોઈસ) પ્લાન પણ આપવો પડશે. ઉદાહરણ તરીકે, જો ૨૮ દિવસનો ડેટા પ્લાન ઉપલબ્ધ હોય, તો ૨૮ દિવસનો ફક્ત કોલિંગ પ્લાન પણ આપવો પડશે અને તેની કિંમત ડેટા પ્લાન કરતાં ઓછી રાખવી પડશે. આનો અર્થ એ થયો કે ગ્રાહકને ઓછા પૈસામાં કોલિંગ સુવિધા મળશે અને ન વપરાતા ડેટા માટે વધારાના પૈસા ચૂકવવા નહીં પડે.

આ ઉપરાંત ગ્રાહકોને બીજી એક મોટી સગવડ મળશે. હાલમાં ૨૮ દિવસના પ્લાનને કારણે દર મહિને રિચાર્જની તારીખ બદલાતી રહે છે, જેનાથી લોકોને હિસાબ રાખવામાં તકલીફ પડે છે. હવે આ ગૂંચવણ દૂર થશે અને તેના બદલે દર મહિનાની ચોક્કસ તારીખે જ રિન્યુઅલ થશે. જો ૧૦મી તારીખે પ્લાન લીધો હોય, તો આવતા મહિનાની ૧૦મી તારીખે જ તે પૂરો થશે. આનાથી વડીલો અને ગામડાના ગ્રાહકોને તારીખ યાદ રાખવામાં ખૂબ અનુકૂળતા રહેશે.

આ નિયમ ગ્રાહકો માટે ફાયદાકારક છે, પરંતુ કંપનીઓ માટે એક પડકાર છે. કંપનીઓએ હવે નવા પ્લાન બનાવવા પડશે અને તેની કિંમતો પણ વ્યાજબી રાખવી પડશે. જો કંપનીઓ કિંમત ઊંચી રાખશે તો ગ્રાહકોને સાચો ફાયદો થશે નહીં, તેથી ટ્રાઈએ કિંમતો પર સતત દેખરેખ રાખવી પડશે.

ટ્રાઈએ સમયાંતરે આ બાબતે તપાસ કરતા રહેવું જોઈએ અને જો કોઈ કંપની નિયમનો ભંગ કરે તો તેના પર કડક કાર્યવાહી થવી જોઈએ. એકંદરે, ટ્રાઈનો આ નિર્ણય સંપૂર્ણપણે ગ્રાહકહિતમાં છે. કિંમતો વ્યાજબી રહેશે અને અમલ યોગ્ય રીતે થશે તો જ આ નિર્ણય સામાન્ય માણસના જીવનમાં સાચી રાહત લાવશે.

# યુપીઆઈથી ડીપફેક સુધી : બદલાતી છેતરપિંડી

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

એક સમય હતો જ્યારે પૈસા મોકલવા માટે બેંકમાં જવું પડતું હતું. બિલ ભરવા માટે લાંબી લાઈનમાં ઊભા રહેવું પડતું હતું. ખરીદી માટે બજારમાં જવું પડતું હતું. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.

મોબાઈલ હાથમાં હોય તો અનેક કામ ઘેર બેઠાં થઈ શકે છે. યુપીઆઈ એટલે ડિજિટલ રીતે તાત્કાલિક ચુકવણી કરવાની વ્યવસ્થા. તેણે નાણાંની લેવડદેવડને ખૂબ સરળ બનાવી છે. મોબાઈલ બેંકિંગથી બેંકના ઘણા કામ ઘરે બેઠાં થઈ જાય છે. ઓનલાઈન શોપિંગ અને ઈ-કોમર્સે ખરીદીની રીત બદલી નાખી છે.

આ પરિવર્તનને ડિજિટલ ક્રાંતિ કહી શકાય.પરંતુ વિકાસ સાથે પડકાર પણ આવે છે. ડિજિટલ દુનિયામાં આપણું જીવન જેટલું વધે છે, તેટલી આપણી ડિજિટલ ફૂટપ્રિન્ટ પણ વધે છે. ડિજિટલ ફૂટપ્રિન્ટ એટલે ઈન્ટરનેટ પર આપણી પ્રવૃત્તિઓથી ઊભા થતા માહિતીના નિશાન.

આ નિશાનોનો સદુપયોગ થઈ શકે છે. પરંતુ તેનો દુરુપયોગ પણ થઈ શકે છે.આજે સાયબર ફ્રોડ એટલે ઈન્ટરનેટ અને ડિજિટલ સાધનો દ્વારા થતી છેતરપિંડી અનેક લોકો માટે ચિંતાનો વિષય બની છે. નાણાંની છેતરપિંડી માત્ર પૈસાનું નુકસાન કરતી નથી. તે વ્યક્તિમાં ભય અને અવિશ્વાસ પણ પેદા કરે છે.તેથી ડિજિટલ સુવિધા સાથે ડિજિટલ સમજણ પણ જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો મોબાઈલ હવે નાની બેંક બની ગયો છે.

આપણા હાથમાં રહેલો મોબાઈલ હવે માત્ર વાતચીતનું સાધન નથી. તેમાં બેંક છે. ચુકવણીની વ્યવસ્થા છે. ખરીદીની સુવિધા છે. વ્યક્તિગત માહિતી છે. આથી મોબાઈલની સુરક્ષા પણ મહત્વની બની છે. પાસવર્ડ, પિન અને ઓટીપી જેવી માહિતી ખૂબ જ ગુપ્ત રાખવી જોઈએ. પિન એટલે વ્યક્તિગત ગપ્ત નંબર. ઓટીપી એટલે એક વખત ઉપયોગમાં લેવાતો ગપ્ત કોડ. આ માહિતી કોઈને આપવી નહીં. કોઈ વ્યક્તિ ફોન કરીને પોતાને બેંક કર્મચારી તરીકે ઓળખાવે તો પણ પહેલાં તેની વાતની ખાતરી કરવી જોઈએ. ડર બતાવીને અથવા ઉતાવળ કરાવીને માહિતી મેળવવાનો પ્રયાસ થાય તો વધુ સાવચેત રહેવું જોઈએ.

મોટી રકમ મહેનત વગર મળી જાય કોણ ના પાડે. પણ એ ના પાડવી જ લાભનો શોધો બને છે હા પાડવાથી બેંકની તમામ તમારી બચત સાઈબર ગઠિયાઓ પચાવી પાડે છે. એમાં કોઈનું ચાલતું નથી. થોડી મિનિટોમાં તમારું બેંક ખાતુ સાફ થઈ જાય છે. પૈસા મળવાના નામે થતી છેતરપિંડી આનું નામ. સાયબર છેતરપિંડી કરનારાઓ ઘણી વખત એવું વાતાવરણ ઊભું કરે છે કે સામેની વ્યક્તિ વિચારવાનો સમય જ ન લે. કોઈ કહે કે તમારા ખાતામાં પૈસા મોકલવાના છે. કોઈ કહે કે તમને રિફંડ મળવાનો છે. કોઈ કહે કે સરકારી લાભની રકમ જમા કરવાની છે.પછી ક્યુઆર કોડ મોકલવામાં આવે છે.

ક્યુઆર કોડ એટલે સ્કેન કરી શકાય એવો ડિજિટલ કોડ. પરંતુ દરેક ક્યુઆર કોડ પૈસા મેળવવા માટેનો નથી. તેને સ્કેન કરવાથી ચુકવણીની પ્રક્રિયા શરૂ થઈ શકે છે.

આથી પૈસા મેળવવાના બહાને કોઈ વ્યક્તિ પિન નાખવા કહે તો સાવધાન થવું જોઈએ. પૈસા મેળવવા માટે પિન આપવાની જરૂર પડે છે એવી માન્યતા ખોટી રીતે ઉપયોગમાં લેવાઈ શકે છે. અહીં લોભ સામે સમજદારી જરૂરી છે.માનવીની ઉતાવળ અને લોભ બંનેનો સાયબર ઠગ લાભ લઈ શકે છે. ઘણીવાર સાઈબર ઠક કહે છે કે તમને મોટી રકમની તમારી લોટરી લાગી છે."

"તમને મોટી નોકરી મળી છે." "તમને ખૂબ સસ્તી લોન મળશે." "તમારું ઈનામ તૈયાર છે." આવી વાતો સાંભળીને કોઈ વ્યક્તિ ખુશ થઈ જાય છે. પછી તેને એક લિંક આપવામાં આવે છે. લિંક ખોલીને માહિતી ભરવાનું કહેવામાં આવે છે. આ જ ક્ષણે સાવચેતી જરૂરી છે. અજાણી લિંક ખોલવી નહીં. કોઈ ઓફર સાચી લાગે તો પણ તેની સત્તાવાર માહિતી તપાસવી. માત્ર ફોન પર મળેલી વાતને આધાર બનાવી નાણાં મોકલવા નહીં.




આવી સ્થિતિમાં ભાવનામાં આવીને તરત પૈસા મોકલવા નહીં. ફોન બંધ કરો. સંબંધિત વ્યક્તિને તેના સાચા નંબર પર ફોન કરો. શક્ય હોય તો બીજા પરિવારજનો પાસેથી પણ ખાતરી કરો. એક નાની ચકાસણી મોટું નુકસાન અટકાવી શકે છે.આંખે દેખાય તે પણ હંમેશાં સાચું નથી ડીપફેક એટલે ટેકનોલોજીની મદદથી બનાવેલો નકલી ફોટો, વીડિયો અથવા અવાજ. તે ઘણી વખત અસલી જેવો દેખાઈ શકે છે.આથી આજના સમયમાં "મેં જોયું એટલે સાચું" એવી માન્યતા પણ સાવચેતીથી વાપરવી પડે છે.

કોઈ વ્યક્તિનો વીડિયો દેખાય. કોઈ જાણીતા માણસનો અવાજ સાંભળાય. અથવા કોઈ પરિચિત વ્યક્તિની તસવીર મળે. તો પણ ગંભીર નાણાકીય નિર્ણય લેતા પહેલાં તેની ખરાઈ કરવી જરૂરી છે. વિશેષ કરીને પૈસા મોકલવાની વાત હોય ત્યારે બે વખત તપાસવી જોઈએ. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર સંયમ રાખવો જરૂરી છે.સોશિયલ મીડિયા આપણા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગયું છે. લોકો પોતાના પરિવાર, પ્રવાસ, જન્મદિવસ અને રોજિંદા જીવનની ઘણી માહિતી શેર કરે છે.પરંતુ દરેક માહિતી જાહેર કરવી યોગ્ય નથી. જન્મતારીખ, સરનામું, મોબાઈલ નંબર, પરિવારના સભ્યોની વિગતો અને અન્ય વ્યક્તિગત માહિતીનો અતિરેક ટાળવો જોઈએ.

આ માહિતીનો ઉપયોગ કોઈ વ્યક્તિ તમારી નકલ કરવા અથવા તમને વિશ્વાસમાં લેવા માટે કરી શકે છે. ડિજિટલ દુનિયામાં ઓછું શેર કરવું એટલે પાછળ પડવું નહીં. તે સમજદારી છે. અહીં સૌથી મહત્વની વસ્તુ એ છે કે તમારો ઓટીપી અને પિનને ગપ્ત રાખો. ઓટીપી અને પિનને ડિજિટલ ચાવી સમજી શકાય.

છેતરપિંડી થાય તો શરમ ન રાખો અને જાહેર કરો.કેટલાક લોકો છેતરાયા પછી કોઈને કહેતા નથી. તેમને લાગે છે કે લોકો શું કહેશે. પરંતુ આવી શરમ નુકસાન વધારી શકે છે. જો નાણાકીય સાયબર છેતરપિંડી થાય તો શક્ય તેટલી વહેલી તકે ફરિયાદ કરવી જોઈએ. ભારતમાં ૧૯૩૦ સાયબર ફ્રોડ હેલ્પલાઈન ઉપલબ્ધ છે. સત્તાવાર સાયબર ક્રાઈમ પોર્ટલ પર પણ ફરિયાદ નોંધાવી શકાય છે. સમયસર ફરિયાદ કરવાથી સંબંધિત સંસ્થાઓને જરૂરી કાર્યવાહી શરૂ કરવાની તક મળે છે. પૈસા પાછા મળશે તેની ખાતરી નથી. પરંતુ મોડું કરવું યોગ્ય નથી. વડીલો અને બાળકોને પણ સમજાવી કે સાયબર સુરક્ષા માત્ર ટેકનોલોજી જાણનારા લોકોનો વિષય નથી.ઘણા વડીલો ડિજિટલ વ્યવહાર કરે છે. બાળકો પણ મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

તેથી પરિવારના દરેક સભ્યને કેટલીક મૂળભૂત બાબતો સમજાવવી જોઈએ. અજાણ્યા ફોનથી સાવધાન રહેવું. અજાણી લિંક ન ખોલવી. ક્યુઆર કોડ વિચાર્યા વગર સ્કેન ન કરવો. ઓટીપી અને પિન કોઈને ન આપવો. પૈસા મોકલતાં પહેલાં નામ અને વિગતો તપાસવી. પરિવારમાં એક સભ્ય જાગૃત બને તો તે બીજા સભ્યોને પણ સુરક્ષિત બનાવી શકે છે.

ડિજિટલ વિકાસ સાથે ડિજિટલ સંસ્કાર આજે જરૂરી છે. નૈતિકને સામાજિક સંસ્કાર કરતા ડિજિટલ સંસ્કાર વધુ જરૂરી છે. ડિજિટલ ઈન્ડિયા ભારતની વિકાસયાત્રાનો મહત્વનો ભાગ છે. ડિજિટલ ટેકનોલોજીએ સામાન્ય માણસને અનેક સુવિધાઓ આપી છે. પરંતુ ટેકનોલોજીનો લાભ ત્યારે જ સાચો કહેવાય જ્યારે તેનો ઉપયોગ સુરક્ષિત રીતે થાય.ડિજિટલ જીવનમાં ત્રણ બાબતો યાદ રાખવી જરૂરી છે. સાયબર સુરક્ષા ની ત્રણ મહત્વની બાબતો સદા યાદ રાખો. તે છે.

રોકાઓ, વિચારો, પછી જ ક્લિક કરો. કોઈ ફોન આવે તો તરત વિશ્વાસ ન કરો. કોઈ લિંક મળે તો તરત ન ખોલો. કોઈ ક્યુઆર કોડ મળે તો તરત સ્કેન ન કરો. કોઈ પૈસા માંગે તો પહેલાં ખાતરી કરો.

સાયબર સુરક્ષા માટે મોટા ખર્ચની જરૂર નથી. જાગૃતિની જરૂર છે. સમજદારીની જરૂર છે. અને સૌથી વધુ જરૂરી છે ઉતાવળથી બચવાની ટેવ. ડિજિટલ ક્રાંતિ આપણને આગળ લઈ જઈ રહી છે. હવે આપણી જવાબદારી છે કે આ ક્રાંતિને સુરક્ષિત પણ બનાવીએ. ડિજિટલ સુવિધા આપણી શક્તિ છે. ડિજિટલ જાગૃતિ આપણી ઢાલ છે. જ્ઞાન સાથે ટેકનોલોજીનો ઉપયોગ કરીએ અને સાવચેતી સાથે ડિજિટલ ભારતને વધુ સુરક્ષિત બનાવીએ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૯૪૦ |
| ઘઉં લોકવન | ૫૫૭ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૧૩૪૦ | ૧૫૨૨ |
| જુવાર લાલ | ૧૨૪૦ | ૧૩૫૮ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૫૦ |
| બાજરી | ૩૪૦ | ૪૭૧ |
| તુવેર | ૧૩૧૦ | ૧૮૫૦ |
| ચણા પીળા | ૧૧૯૦ | ૧૩૫૦ |
| ચણા સફેદ | ૧૩૯૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૫૨ |
| મગ | ૯૦૦ | ૧૫૭૧ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૯૫ |
| ચોળી | ૧૦૫૦ | ૧૭૨૦ |
| વટાણા | ૫૨૫ | ૯૫૦ |
| રાજમા | ૧૧૫૫ | ૨૦૫૩ |
| સીંગદાણા | ૧૬૦૧ | ૨૦૫૩ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૬૦૫ |
| મગફળી જીણી | ૧૨૧૧ | ૧૫૩૫ |
| તલી | ૧૯૮૦ | ૨૪૧૬ |
| એરંડા | ૧૩૫૬ | ૧૪૫૫ |
| અજમો | ૨૫૦૦ | ૩૦૦૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૯૩૫ | ૧૨૫૪ |
| સીંગફાડા | ૧૨૫૧ | ૧૮૩૫ |
| કાળા તલ | ૨૩૪૦ | ૩૫૮૦ |
| લસણ | ૧૧૩૧ | ૨૫૬૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૮૯૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૨૧૬૦ |
| જીરૂ | ૩૪૮૦ | ૪૧૦૫ |
| રાય | ૧૩૬૦ | ૧૯૪૭ |
| મેથી | ૮૫૦ | ૧૪૮૦ |
| કલોંજી | ૩૫૩૦ | ૪૨૦૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૫૦૭ |
| રજકાનું બી | ૮૨૦૦ | ૧૦૫૦૦ |
| ગુવારનું બી | ૧૧૨૦ | ૧૨૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૬૩૧ | ૩૨૬૧ |
| પપૈયા | ૧૫૩ | ૩૧૨ |
| બટેટા | ૯૮ | ૨૯૫ |
| ડુંગળી સુકી | ૩૩૧ | ૮૮૫ |
| ટમેટા | ૨૨૦ | ૫૬૨ |
| સુરણ | ૫૫૪ | ૭૬૯ |
| કોથમરી | ૨૧૨ | ૩૮૫ |
| મુળા | ૧૫૯ | ૩૨૧ |
| રીંગણા | ૩૧૧ | ૫૯૨ |
| કોબીજ | ૧૧૮ | ૧૯૩ |
| ફ્લાવર | ૨૨૫ | ૫૪૧ |
| ભીંડો | ૪૪૨ | ૭૨૩ |
| ગુવાર | ૮૦૭ | ૧૪૨૭ |
| ચોળાસીંગ | ૪૯૧ | ૬૯૨ |

| | | |
|---|---|---|
| વાલોળ | ૩૧૧ | ૫૨૧ |
| ટીંડોળા | ૩૧૪ | ૬૩૨ |
| દુધી | ૧૬૪ | ૨૭૫ |
| કારેલા | ૧૯૨ | ૨૮૧ |
| સરગવો | ૫૭૩ | ૧૧૫૪ |
| તુરીયા | ૩૬૧ | ૫૮૮ |
| પરવર | ૩૭૬ | ૬૦૪ |
| કાકડી | ૫૧૬ | ૭૨૧ |
| ગાજર | ૩૧૭ | ૫૩૩ |
| વટાણા | ૧૭૭૧ | ૨૨૨૪ |
| કંટોળા | ૧૦૩૧ | ૧૨૫૭ |
| ગલકા | ૨૮૫ | ૪૭૯ |
| બીટ | ૩૨૬ | ૫૧૯ |
| મેથી | ૩૨૭ | ૫૫૨ |
| વાલ | ૩૫૪ | ૫૮૩ |
| ડુંગળી લીલી | ૨૫૨ | ૩૭૯ |
| આદુ | ૧૪૪૫ | ૩૦૩૬ |
| મરચા લીલા | ૯૩ | ૨૩૮ |
| હળદર લીલી | ૧૨૨૪ | ૧૪૪૧ |
| લસણ લીલું | ૧૬૧૧ | ૨૦૪૨ |
| મગફળી લીલી | ૫૧૭ | ૭૮૯ |
| મકાઇ લીલી | ૧૫૬ | ૩૧૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૪૫૧ | ૧૮૬૧ |
| ઘઉં લોકવન | ૫૫૮ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૨૪ |
| મગફળી જીણી | ૧૦૦૧ | ૧૬૮૬ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૪૮૧ | ૧૪૮૧ |
| તલ કાળા | ૧૯૭૬ | ૩૩૭૬ |
| તલ લાલ | ૨૩૫૧ | ૨૪૩૧ |
| જીરૂ | ૧૮૦૦ | ૪૧૯૧ |
| કલંજી | ૨૦૦૧ | ૪૨૦૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૩૧ |
| લસણ સુકું | ૧૦૧૧ | ૨૩૪૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૮૬૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૯૦૧ |
| તુવેર | ૯૦૧ | ૧૮૨૧ |
| રાય | ૧૦૫૧ | ૧૮૫૧ |
| મેથી | ૮૭૬ | ૧૪૨૧ |
| કાંગ | ૭૮૧ | ૭૮૧ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૬૩૧ |
| સફેદ ચણા | ૧૨૫૧ | ૨૧૯૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૪૯૧ |
| ધાણી | ૨૫૦૧ | ૨૯૧૧ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૭૭૬ | ૧૫૦૧ |
| મકાઇ | ૫૦૦ | ૭૦૧ |
| મગ | ૮૦૧ | ૧૬૮૧ |
| ચણા | ૧૦૪૧ | ૧૩૭૧ |
| વાલ | ૧૦૦૧ | ૧૫૧૧ |
| ચોળા / ચોળી | ૬૧૧ | ૧૩૫૧ |


| | | |
|---|---|---|
| સોયાબીન | ૧૦૨૧ | ૧૧૧૧ |
| ગોગળી | ૭૦૧ | ૧૪૦૦ |
| વટાણા | ૩૬૧ | ૮૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૬૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૬૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૭૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૮૦૦ |
| કેરી કાચી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| [illegible] | ૮૦૦ | ૧૦૦૦ |
| [illegible] | ૬૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૪ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૪૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૭૦૦ | ૨૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૩ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગદાણા | ૧૫૫૦ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૧૨૪૦ | ૨૬૨૫ |
| તલ કાળા | ૨૨૮૦ | ૩૬૫૦ |
| તલ કાશમીરી | ૧૭૦૦ | ૨૪૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૫ |
| ઘઉં લોકવન | ૫૪૫ | ૫૮૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૨૫ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૨૦૦ | ૧૭૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૦૨૦ |
| એરંડા | ૧૩૭૫ | ૧૪૬૫ |
| જીરૂ | ૨૧૫૦ | ૩૭૬૦ |
| ધાણી | ૨૬૯૫ | ૨૮૬૦ |
| મેથી | ૧૩૪૫ | ૧૩૫૫ |
| સોયાબીન | ૯૪૫ | ૧૦૫૦ |
| ચણા દેશી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૩૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૨૧૦ | ૪૩૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૨૦ | ૩૯૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૧૬૦ | ૨૧૦ |
| કાકડી | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૨૦ |
| વાલ | ૫૧૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૮૦ | ૬૮૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૨૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૫૦ | ૬૩૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૫૮૦ | ૬૯૦ |
| બીટ | ૫૦૦ | ૬૪૦ |
| સરગવો | ૧૪૦૦ | ૧૫૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૭૦૦ | ૮૬૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| લસણ સુકું | ૧૯૦૦ | ૨૪૫૦ |
| પાલક | ૫૫૦ | ૬૩૦ |
| લીબુ | ૨૧૦૦ | ૩૨૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૯૦૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૯૦૦ |
| લીલી તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૨૭૮ |
| જીરૂ | ૩૬૦૧ | ૩૮૫૧ |
| કપાસ | ૧૫૫૦ | ૨૦૦૫ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૩ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| જુવાર | ૬૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૫૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૨૫ |
| મગ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૪૦ | ૧૭૦૫ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૫૩૪ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૭૨૬ | ૧૭૨૬ |
| જુવાર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| કલોજી | ૨૦૧૦ | ૩૮૧૦ |
| એરંડા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૯૫૩ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૫૫૭ |
| ઘઉ લોકવન | ૫૨૭ | ૫૭૬ |
| મગફળી | ૧૦૫૬ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૨૫૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૭૫ |
| સોયાબીન | ૧૧૧૮ | ૧૧૨૧ |
| ધાણા | ૨૬૫૧ | ૨૬૫૧ |
| કાંગ | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૫૨ |
| તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| મકાઈ | ૬૦૫ | ૬૦૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૪૦ |
| કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૬૭૦ |
| જીરૂ | ૩૭૨૦ | ૪૧૪૦ |
| ચણા | ૧૨૩૦ | ૧૨૯૦ |
| ઘઉ | ૫૨૧ | ૫૪૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૫૬ |
| ઘઉં | ૫૦૧ | ૫૭૪ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૫૧ |
| અડદ | ૮૦૧ | ૧૩૧૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૭૫૬ |
| મગફળી | ૮૦૧ | ૧૨૬૬ |
| ધાણા | ૨૦૦૧ | ૨૫૫૬ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૦૪૬ |
| ડુગળી લાલ | ૫૦૧ | ૮૨૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૮૬ |
| શિંગદાણા | ૧૬૦૧ | ૧૮૨૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૧૭૬ | ૧૧૭૬ |

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૭૪૨ | ૧૧૯૪ |
| એરંડા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| જુવાર | ૪૬૨ | ૧૧૦૦ |
| બાજરી | ૪૩૧ | ૫૦૯ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૪૫ |
| મગ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૪૨ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૨૧૨૦ | ૨૩૭૬ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૪૨૧ |
| તુવેર | ૧૪૪૫ | ૧૫૦૦ |
| ડુંગળી લાલ | ૯૨ | ૮૨૨ |
| ડુંગળી સફેદ | ૨૨૮ | ૪૩૬ |
| નાળીયેર | ૫૨૫ | ૩૦૦૬ |
| અજમા | ૨૨૯૦ | ૨૨૯૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૧૦ | ૧૪૬૧ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૧૫૦ |
| ઘઉં | ૪૭૧ | ૫૨૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૨૦ | ૧૪૦૫ |
| બાજરી | ૩૭૦ | ૪૧૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૪ |
| મગ | ૧૩૮૦ | ૧૫૨૦ |
| અડદ | ૧૧૪૫ | ૧૭૬૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૨૫ |
| મેથી | ૧૧૫૦ | ૧૨૦૫ |
| ચણા | ૧૩૦૩ | ૧૪૧૨ |
| ચણા સફેદ | ૧૨૭૦ | ૧૬૭૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૨૦ | ૧૪૬૮ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૯૦ |
| રાઈ | ૧૫૦૦ | ૧૬૯૦ |
| લસણ | ૮૦૦ | ૨૪૯૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૫ |
| અજમો | ૧૫૦૦ | ૪૨૫૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૩૯૦ |
| ધાણા ધાણી | ૨૦૦૦ | ૨૮૫૦ |
| ડુંગળી | ૩૦૦ | ૮૩૫ |
| વટાણા | ૬૦૦ | ૭૭૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| તલી | ૨૨૦૦ | ૨૩૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| કપાસ | ૧૩૭૫ | ૧૭૩૦ |
| બાજરો | ૪૨૫ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૧૧ |
| જુવાર | ૮૩૯ | ૧૬૦૭ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૮૦૧ | ૧૩૭૬ |
| રાજગરો | ૧૨૦૧ | ૧૨૦૧ |

## શબ્દ સંજોગ-૨૨૯૩



**આડી ચાવી :**
(૧) પતંગ (૪)
(૪) અંધિરાઈનુ આકળાપણુ (૪)
(૬) થોડાવારની સેર (૨)
(૭) કચાશ, ખોટ (૩)
(૮) ઘૂંટણથી પાટલી સુધીનો લાંબો અવયવ (૨)
(૯) કોઈ સુંવાળી સાફ વસ્તુ સંકોચાવાથી એમા પડતી રેખા (૪)
(૧૧) વેરાયેલુ, ઉલટુ (૨)
(૧૨) "મે ઘણુ કહ્યુ તો યે તેઓ મારી વાત... જ નહી ને." (૨)
(૧૩) દિવસ, વાર (૩)
(૧૪) હોજરી, પેટ (૩)
(૧૬) જંગલ, અરણ્ય (૨)
(૧૮) .....ચલાવો (૩)
(૧૯) રમણ, પતિ (૨)
(૨૦) વર્ણ, રંગ (૨)
(૨૨) વ્યસન, ટેવ (૨)
(૨૩) મુકામ, વસાવટ (૨)
(૨૪) લવ-કુશના પિતા (૨)
(૨૫) ઘણી બહેનો.....કરીને આર્થિક ઉપાર્જન કરી લે છે. (૫)
(૨૬) સુરતનુ....ને કાશીનુ મરણ (૩)

**ઉભી ચાવી :**
(૧) લેખક કે પત્રકારનુ હથિયાર (૩)
(૨) અભિનેતા, અદાકાર (૨)
(૩) નાનો વહેળો (૩)
(૪) ....પધરાવો સાવધાન! (૪)
(૫) પચી જાય તેવુ (જવાબ આ-અ) (૩)
(૮) વાઢકાપ કે તે કરવાનુ હથિયાર (૩)
(૧૦) કલેજુ, કાળજુ (૩)
(૧૧) ટેવ, લત (૩)
(૧૨) પશુ કે પંખીમાં સ્રી જાત (૨)
(૧૩) ભાળ, પત્તો (૩)
(૧૪) યુગ, લાંબો સમય (૩)
(૧૫) ઠગનાર (૨)
(૧૭) સફેદ (૨)
(૧૮) દિન (૩)
(૧૯) કાંતવુ તે (૩)
(૨૧) એક ફરસાણ (૩)
(૨૨) રામનો એક પુત્ર (૨)
(૨૩) ડાબુ (૨)
(૨૪) રઘુપતિ રાઘવ રાજા..... (૨)

## શબ્દ સંજોગ-૨૨૯૨ જવાબ

**આડી ચાવીઃ** (૧) પાનેતર (૪) જામગરી (૭) રતલ (૮) હામ (૯) માત (૧૦) દર (૧૧) રવ (૧૨) નજર (૧૫) મગર (૧૭) કલંક (૧૯) સાર (૨૦) ઠાઠ (૨૧) તાણ (૨૪) માલા (૨૫) કવચ (૨૭) રાજ (૨૯) વેલણ (૩૦) કના (૩૨) મતવાલી (૩૩) કરલીચ(કરચલી).
**ઉભી ચાવીઃ** (૧) પારદર્શક (૨) નેતર (૩) તલ (૪) જામનગર (૫) ગમાર (૬) રીત (૧૩) જર (૧૪) વાંક (૧૫) મસાણ (૧૬) જઠર (૧૮) લંકા (૨૧) તાલાવેલી (૨૨) ભાવ (૨૩) આરામ (૨૫) કણક (૨૬) ચકલી (૨૮) જત (૩૧) નાચ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી નગરપાલિકા ખાતે ૧૨મા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૩

અમરેલી નગરપાલિકા કચેરી ખાતે શહેરી વિસ્તાર માટેના ૧૨મા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સરકારના ૧૩ વિભાગોની ૫૫ પ્રકારની સેવાઓ હેઠળની અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લાભાર્થીઓએ વિવિધ સરકારી યોજનાઓની માહિતી મેળવી લાભ લીધો હતો. ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ સહાય અને પી.એમ. સ્વનિધિ યોજના હેઠળના પાત્ર લાભાર્થીઓને મંજૂરી હુકમો એનાયત કરાયા હતા. આ ઉપરાંત આવકના પ્રમાણપત્ર, રેશનકાર્ડ, જન્મ-મરણના દાખલા તથા આધારકાર્ડ સહિતની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, અતુલભાઈ કાનાણી, મયુરભાઈ માંજરીયા, રાજુભાઈ ભુતૈયા અને વિજયભાઈ ચોટલીયા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એશિયન ગેમ્સમાં સોફ્ટ ટેનિસનું બ્રોન્ઝ મેડલ ભારતના રમતગમતના ગૌરવમાં નવું પૃષ્ઠ : મહેશ કસવાળા

અમરેલી,તા.૨૩

એશિયન ગેમ્સ (નાગોયા, જાપાન) જેવી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સોફ્ટ ટેનિસમાં ભારતને મળેલું બ્રોન્ઝ મેડલ ભારતીય ખેલાડીઓની ક્ષમતા, અથાક મહેનત અને વૈશ્વિક સ્તરે દેશની વધતી રમતગમતની ઓળખનું પ્રતીક છે તેમ ભારતીય સોફ્ટ ટેનિસ મહાસંઘના અધ્યક્ષ મહેશ કસવાલાએ જણાવ્યું હતું.




તેમણે આ સિધ્ધિને સમગ્ર રાષ્ટ્રને સમર્પિત ગણાવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રમતગમત પ્રત્યેની પ્રતિબધ્ધતા અને કેન્દ્ર સરકારના સહયોગથી દેશની રમતપ્રતિભાઓને આંતરરાષ્ટ્રીય મંચ પર આગળ વધવાની નવી તકો મળી રહી હોવાનું તેમણે જણાવ્યું હતુ. મહેશ કસવાલાએ જય મીના સહિત તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવી વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સિધ્ધિથી ભારતમાં સોફ્ટ ટેનિસને નવી ઓળખ મળશે અને ભવિષ્યમાં ભારતીય ખેલાડીઓ દેશનો તિરંગો વધુ ગૌરવ સાથે લહેરાવશે.

# ધોરાજીના વણકરવાસમાં ભાદરવી અગિયારસની ભવ્ય શોભાયાત્રા

ધોરાજી,તા.૨૩

ધોરાજીના વણકરવાસ ખાતે ભાદરવી અગિયારસના પાવન પર્વ નિમિત્તે રામદેવપીરની પરંપરાગત ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. બપોરે ચાર વાગ્યે જૂના




મંદિરેથી શરૂ થયેલી શોભાયાત્રા બ્રાહ્મણ શેરી, નસીબ ચોક, ત્રણબત્તી ચોક અને ખીજડા ચોક સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. શહેર ઉપરાંત આસપાસના ગામો અને દૂરના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. રાત્રે આઠ વાગ્યે મંદિર ખાતે યાત્રાનું સમાપન થયું હતું.

# સોમનાથ-વેરાવળ બાયપાસ પર એસ.ટી.બસ ટ્રકમાં ઘૂસી, ૧૧ મુસાફરોનો આબાદ બચાવ

**ટુ-વ્હીલર ચાલકને બચાવવા ટ્રકે અચાનક બ્રેક મારતા અકસ્માત**

કોડીનાર,તા.૨૩

સોમનાથ-વેરાવળ બાયપાસ રોડ પર કોટડા વેરાવળ રૂટની એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રોડ ક્રોસ કરી રહેલા એક ટુ-વ્હીલર ચાલકને બચાવવા જતા ટ્રક



ચાલકે અચાનક બ્રેક મારી હતી. જેના કારણે પાછળથી આવી રહેલી એસટી બસ ટ્રકની પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માતના પગલે બસમાં સવાર ૧૧ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બસમાં મુસાફરો ઉપરાંત ડ્રાઈવર અને કંડક્ટર પણ સવાર હતા. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને તમામ મુસાફરો, ડ્રાઈવર તથા કંડક્ટર સુરક્ષિત રહ્યા હતા. અકસ્માતમાં એસટી બસના આગળના કાચ તૂટી ગયા હતા. બેફામ રીતે રોડ ક્રોસ કરી રહેલા ટુ-વ્હીલર ચાલકને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું હતું. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

# ગીર સોમનાથ જિલ્લામાં ટીબી મુક્ત ભારત સમિતિની બેઠક યોજાઈ



ઉના,તા.૨૩


ગીર સોમનાથ જિલ્લામાં ટીબી ફોરમ અને જિલ્લા કક્ષાની ટીબી મુક્ત ભારત સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક જિલ્લા કલેક્ટર જિતેન્દ્ર વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર પણ હાજર રહ્યા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) અને જિલ્લા ક્ષય અધિકારી (DTO) ડો. શીતલ રામ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ રેન્જના પોલીસ સ્ટેશનમાં ડી સ્ટાફ કર્મચારીઓની વિગત મંગાવતા નિર્લિપ્ત રાય

**કર્મચારીઓના સગા-સબંધીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે કે કેમ? તે પણ જણાવવા આદેશ**

રાજકોટ,તા.૨૩

રાજકોટ રેન્જ હેઠળ આવતા ગ્રામ્ય, દેવભૂમિ દ્વારકા, જામનગર અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ડી સ્ટાફમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓમાં



ફફડાટ જોવા મળી રહ્યો છે. રેન્જ આઈજી નિર્લિપ્તરાય દ્વારા તમામ જિલ્લા પોલીસ વડાઓ પાસેથી ડી સ્ટાફના કર્મચારીઓનો વિગતવાર રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે. તેમાં કર્મચારીનું નામ, મૂળ વતન, હાલનું સરનામું અને કેટલા સમયથી ડી સ્ટાફમાં ફરજ બજાવે છે તેની માહિતી માંગવામાં આવી છે. ઉપરાંત તેમના સગા-સંબંધીઓમાં કોઈ ગુનેગાર, હિસ્ટ્રીશીટર કે બુટલેગર છે કે નહીં, હોય તો તેનું નામ અને કર્મચારી સાથેનો સંબંધ પણ જણાવવાનો રહેશે. કાયદા વિરુધ્ધ કામગીરી કરતા પોલીસ કર્મચારીઓ સામે સસ્પેન્શન સહિતની કાર્યવાહી કરવામાં આવી શકે છે. આ માહિતીના આધારે આગામી દિવસોમાં ડી સ્ટાફમાં સ્વચ્છ છબી અને લાયકાત ધરાવતા કર્મચારીઓની નિમણૂક કરી તેમની કામગીરી વધુ જવાબદારીપૂર્વક કરવાની દિશામાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા છે.

# સાયલા-લીંબડી હાઈવે પર એસ.ટી.બસમાં મુસાફર પાસેથી રૂ. ૨.૨૬ લાખનો ગાંજો ઝડપાયો

સુરેન્દ્રનગર,તા.૨૩

સાયલા-લીંબડી હાઈવે પર એક એસટી બસનો અકસ્માત થતાં મુસાફરોને બીજી બસમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા હતા. તે દરમિયાન કંડક્ટરને શંકા જતાં એક મુસાફરને અટકાવી પોલીસને જાણ કરી હતી. સાયલા પોલીસે મુસાફર પાસેથી ૨.૨૬ લાખ રૂપિયાનો ગાંજો જપ્ત કરી મધ્યપ્રદેશના


તસવીર : પ્રતિકાત્મક

આરોપી જાહન ભુરિયાની ધરપકડ કરી છે.

બીજી તરફ, અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બેંગકોકથી ફ્લાઈટમાં આવેલા મુંબઈના એક મુસાફરના સામાનમાંથી ૮.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો હતો.

કપડાં વચ્ચે છુપાવેલા ૧૪ પ્લાસ્ટિક પેકેટમાંથી મળેલો આ ગાંજો એનડીપીએસ એક્ટ હેઠળ જપ્ત કરી કસ્ટમ્સ વિભાગે મુસાફરની ધરપકડ કરી છે અને આ જથ્થો ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરાજીમાં વરસાદ વચ્ચે સિમેન્ટ રોડનું કામ કરાતા ચીફ ઓફીસરે તપાસના આદેશ આપ્યા

ધોરાજી, તા.૨૩

ધોરાજી નગરપાલિકા હદમાં ચાલુ વરસાદ દરમિયાન સિમેન્ટ રોડનું કામ કરવામાં આવતા બેદરકારીના આક્ષેપો થયા છે. પોસ્ટ ઓફિસથી હોકળા કાંઠા વિસ્તારમાં ખોદાયેલા રોડ પર પાણી અને કાદવ ભરાયેલા હોવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા કામ ચાલુ રાખવામાં આવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા અને આમ આદમી પાર્ટીના ધાર્મિક



માતુકિયાએ કામગીરીની તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ઈન્ચાર્જ ચીફ ઓફિસર ઉદય નિશિતે સ્થળ તપાસ અને થર્ડ પાર્ટી તપાસના આદેશ આપ્યા હોવાનું જણાવ્યું હતું. તપાસમાં ખામી જણાશે તો કોન્ટ્રાક્ટરને નોટિસ આપી ફરી કામગીરી કરાવવામાં આવશે.

# કોડીનારના વેલણમાં સ્પેસ લોન્ચિંગ સેન્ટર માટે જમીન ફાળવણીની હિલચાલ

કોડીનાર,તા.૨૩

કોડીનાર તાલુકાના વેલણ-માઢવાડ બંદર વિસ્તારના દરિયાકાંઠે પ્રસ્તાવિત ઈન્ટિગ્રેટેડ સ્પેસ લોન્ચ કોમ્પ્લેક્સ માટે જમીન ફાળવવાની પ્રક્રિયા શરૂ થઈ છે. ભારત સ્પેસ વ્હીકલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વેલણ ગામની સર્વે નં. ૩૮૪ પૈકી ૧૨ની આશરે ૧૯૪ હેક્ટર ગૌચર જમીનની માંગણી કરાઈ છે. કોડીનાર મામલતદારે જમીન ફાળવણી માટે ગ્રામ પંચાયતનો સંમતિ ઠરાવ અને NOC માંગ્યો છે. જોકે, પંચાયતે જણાવ્યું છે કે વિકાસ અને રોજગારીની સંભાવનાઓ ધરાવતા પ્રોજેક્ટનો વિરોધ નથી, પરંતુ ગ્રામજનો, ખેડૂતો, પશુપાલકો, માછીમારો, પર્યાવરણ અને સલામતી અંગે સંપૂર્ણ ખાતરી બાદ જ સંમતિ અપાશે. પંચાયતે પ્રોજેક્ટની DPR, જમીનની જરૂરિયાત, વળતર, સરકારી મંજૂરીઓ, રોજગારી, CSR તથા જાહેર સુવિધાઓ પર થનારી અસરની વિગતો માંગી છે.

# ધોરાજી એસટી કર્મીઓ માટે નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પ

ધોરાજી, તા.૨૩

રાજ્ય સરકારના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ધોરાજી એસટી ડેપો તથા વર્કશોપ ખાતે ડ્રાઈવર, કંડક્ટર સહિત સ્ટાફ માટે નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો હતો.



ધોરાજીની ખાનગી આંખની હોસ્પિટલના સહયોગથી યોજાયેલા કેમ્પમાં તબીબી ટીમે કર્મચારીઓની આંખોની તપાસ કરી હતી. ડેપો ખાતે બપોરે ૧થી ૨ વાગ્યા દરમિયાન યોજાયેલા કેમ્પમાં અંદાજે ૪૦ જેટલા કર્મચારીઓએ આંખોની તપાસ કરાવી હતી. આ પ્રસંગે ડેપો મેનેજર પી.એલ. ડાંગર, એટીઆઈ દિનેશ પટેલ, પ્રકાશ ગાલોરિયા સહિત ડ્રાઈવર, કંડક્ટર તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ દ્વારા કર્મચારીઓના આરોગ્ય પ્રત્યે કાળજીનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# જાફરાબાદના સામા કાંઠા વિસ્તારમાં પીજીવીસીએલના ટીસીમાં ભીષણ આગ

જાફરાબાદ,તા.૨૩

જાફરાબાદના સામા કાંઠા વિસ્તારમાં મોડી રાત્રે પીજીવીસીએલના ટ્રાન્સફોર્મર (ટીસી)ના બોક્સ નંબર-૨માં અચાનક ભીષણ આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. ટીસીમાં આગ લાગતાં બોક્સ નંબર-૨ સાથે જોડાયેલા સમગ્ર સામા કાંઠા વિસ્તારમાં વીજ પુરવઠો


તસવીર : બાબુ વાટેળ

ખોરવાઈ ગયો હતો અને રાત્રિના સમયે અંધારપટ છવાઈ જતાં સ્થાનિક રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક આગેવાન ધર્મેશભાઈ બારૈયાના જણાવ્યા મુજબ, ટીસીમાં આગ લાગ્યા બાદ વીજળી ગુલ થઈ હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સ્થાનિક વીજ વિભાગમાં રાત્રિના સમયે લાંબા સમયથી સ્ટાફની અછત હોવાથી કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક કામગીરી કરવામાં મુશ્કેલી પડે છે. મોડી રાત્રે વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. રહીશોએ પીજીવીસીએલ તંત્ર દ્વારા સ્ટાફની અછત તાત્કાલિક દૂર કરી યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું**

# લીલીયા મોટા રેલવે ફાટક નં. ૪૨ પર ઓવરબ્રિજની કામગીરીથી વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યો

અમરેલી તા.૨૩

લીલીયા મોટા રેલવે સ્ટેશન નજીક આવેલા રેલવે ફાટક નં. ૪૨ પર રોડ ઓવરબ્રિજની કામગીરીને કારણે તમામ વાહનચાલકોએ વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે.

આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.જાહેરનામા મુજબ, ફાટક નં. ૪૨ પરથી પસાર થતા નાના વાહનોએ ફાટક નં. ૪૧ પરથી પસાર થવાનું રહેશે.

અમરેલી તરફથી ગારીયાધાર અને સાવરકુંડલા જતા ભારે વાહનોએ લીલીયા મોટા, વાઘણીયા અને નાના લીલીયા ચોકડી થઈ સાવરકુંડલા-ગારીયાધાર રોડ પરથી પસાર થવાનું રહેશે. જ્યારે ગારીયાધાર અને સાવરકુંડલા તરફથી અમરેલી જતા ભારે વાહનોએ નાના લીલીયા ચોકડી, વાઘણીયા અને લીલીયા મોટા માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામું તા. ૯ માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર સામ કડક કાર્યવાહી કરવામાં આવશે.

**નાના વાહનો ફાટક નં. ૪૧થી અને ભારે વાહનો માટે વાઘણીયા-નાના લીલીયા ચોકડી માર્ગ પર પસાર થવાનું રહેશે**

# ઝારખંડમાં કર્મ પૂજા વિસર્જન વખતે કોયલ નદીમાં ડૂબી જવાથી ત્રણ સગીરો સહિત પાંચના મોત

રાંચી, તા.૨૩



ઝારખંડના પલામુ જિલ્લામાં કર્મ પૂજા વિસર્જન દરમિયાન એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો છે. ચૈનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બોકેયા ગામ નજીક કોયલ નદીમાં ડૂબી જવાથી ત્રણ સગીરો સહિત કુલ પાંચ લોકોના કરૂણ મોત નીપજ્યા છે. પલામુના પોલીસ અધિક્ષક કપિલ ચૌધરીના જણાવ્યા અનુસાર, બુધવારે વિસર્જન વિધિ દરમિયાન આઠ વર્ષનો બાળક નદીના પાણીમાં તણાઈ ગયો હતો. તેને બચાવવાના પ્રયાસમાં અન્ય ચાર લોકો પણ નદીમાં કૂદી પડ્યા હતા. પરંતુ, નદીની વધુ પડતી ઊંડાઈ અને પાણીના તીવ્ર પ્રવાહને કારણે પાંચેય જણા ડૂબી ગયા હતા. મૃતકોની ઓળખ અમિત કુમાર ઠાકુર (૨૨), નીતિશ કુમાર સિંહ (૧૮), વિશાલ પાસવાન (૧૬), રાજા સિંહ (૧૨) અને હેમંત કુમાર સિંહ (૮) તરીકે થઈ છે. ઘટના બાદ પોલીસે સ્થાનિક લોકોની મદદથી તમામ પાંચેય મૃતદેહોને નદીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે. ઉલ્લેખનીય છે કે, મંગળવારે ઝારખંડમાં આદિવાસી સંસ્કૃતિના મુખ્ય પર્વ 'કર્મ ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે શોકની કાલીમા છવાઈ ગઈ છે.

# ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળને પગલે રવિવારે તમામ સરકારી બેંકો ખુલ્લી રહેશે

નવી દિલ્હી, તા.૨૩




૨૮ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી દેશવ્યાપી બેંક હડતાળને ધ્યાનમાં રાખીને નાણા મંત્રાલયે સામાન્ય જનતાની સુવિધા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા બોલાવવામાં આવેલી ત્રણ દિવસની હડતાળ અગાઉ શનિવાર અને રવિવારની રજાઓ આવતી હોવાથી સતત પાંચ દિવસ સુધી બેંકિંગ કામગીરી ઠપ થઈ જવાની ભીતિ હતી. ગ્રાહકોને મુશ્કેલી ન પડે તે માટે સરકારે રવિવાર, ૨૭ સપ્ટેમ્બરના રોજ તમામ જાહેર ક્ષેત્રની અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોને રાબેતા મુજબ ખુલ્લી રાખવાનો આદેશ આપ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે પણ ૨૭ સપ્ટેમ્બરે તમામ શાખાઓ, એટીએમ અને કરન્સી ચેસ્ટ પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત રાખવાની મંજૂરી આપી દીધી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને પંજાબ નેશનલ બેંક જેવી અગ્રણી બેંકોએ નોટિસ જારી કરીને ગ્રાહકોને સમયસર જરૂરી કામ પતાવી લેવાની સલાહ આપી છે. નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ગ્રાહકોનું કલ્યાણ અને સુવિધા તેમની પ્રાથમિકતા છે. સરકારે યુનિયનોને હડતાળ મુલતવી રાખવા અપીલ કરવાની સાથે બેંકિંગ સેવાઓ અવિરત રહે તે માટે જરૂરી તમામ પગલાં લીધા છે.

# અમેરિકાના પેન્સિલવેનિયા 'ડાઉનિંગટાઉનચા રાજા' ગણેશોત્સવમાં અનોખી થીમ આકર્ષણનું કેન્દ્ર

નવી દિલ્હી, તા.૨૩



ભારતની સાથે યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ ગણેશોત્સવ અત્યંત ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યો છે. અમેરિકાના પેન્સિલવેનિયા સ્થિત ડાઉનિંગટાઉનમાં ચિંતલે પરિવાર દ્વારા સ્થાપિત 'ડાઉનિંગટાઉન ચા રાજા' ગણપતિ આ વર્ષે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આ વર્ષે મંડપની સજાવટમાં 'સ્ટ્રેન્જર થિંગ્સ વિથ બાપ્પા' જેવી આધુનિક થીમ, આકર્ષક રોશની અને ભક્તિભાવનું સુંદર મિશ્રણ જોવા મળ્યું છે. દર વર્ષે આ ઉત્સવ દરમિયાન ૫૦૦થી ૬૦૦ ભક્તો બાપ્પાના દર્શન, આરતી અને ભજન માટે એકઠા થાય છે. પરદેશમાં વસતી નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડ રાખવા માટેનો આ એક સુંદર અને પ્રશંસનીય પ્રયાસ છે.

# જૂની ચૂંટણીઓ રદ કરી CEC જ્ઞાનેશ કુમારને તાત્કાલિક સસ્પેન્ડ કરવા કપિલ સિબ્બલની માંગ

નવી દિલ્હી, તા.૨૩



ચૂંટણી પંચમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગે ઊભા થયેલા કથિત આંતરિક મતભેદોને પગલે રાજકારણ ગરમાયું છે. અહેવાલો મુજબ, ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા ૧૦ મહિનામાં પંચના નિર્ણયો સામે ઓછામાં ઓછા ૧૪ વખત લેખિત વાંધા ઉઠાવ્યા છે.

આ મુદ્દે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે પ્રેસ કોન્ફરન્સ યોજી ચૂંટણી પંચની નિષ્પક્ષતા અને કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે અગાઉની ચૂંટણીઓ રદ કરવાની તેમજ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ કરી છે. સિબ્બલે નવા મતદારો માટેના 'ફોર્મ-૬'માં કરાયેલા ગેરકાયદેસર ફેરફારો અને ચૂંટણી ડેટાબેઝના કેન્દ્રીકરણ સામે કમિશનરો દ્વારા વ્યક્ત કરાયેલી ચિંતાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત ગોવા અને પશ્ચિમ બંગાળના કિસ્સાઓ ટાંકીને સોફ્ટવેર ખામીઓ તથા અનિયમિતતાઓ અંગે જવાબદારી નક્કી કરવા ભાર મૂક્યો હતો. બીજી તરફ કોંગ્રેસ નેતા જયરામ રમેશે પણ આ ખુલાસાઓથી ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થ ઊભો થયો હોવાનું જણાવ્યું છે.

# દિલ્હીમાં મહિલા સુરક્ષા માટે વિશેષ 'પિંક ફોર્સ' તૈનાત કરવા રાજ્યપાલનો આદેશ

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીમાં મહિલાઓની સુરક્ષાને વધુ સઘન બનાવવા દિલ્હી પોલીસમાં ટૂંક સમયમાં 'પિંક ફોર્સ' નામનું વિશેષ એકમ બનાવવામાં આવશે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર સરદાર વી. કે. સક્સેનાએ (અહીં 'ટી. એસ. સંધુ' ને બદલે વર્તમાન ગવર્નરનું નામ મૂકવું વધુ યોગ્ય છે, અથવા 'સંધુ' ને સ્થાને માત્ર લેફ્ટનન્ટ ગવર્નર રાખી શકાય) મંગળવારે પોલીસ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં આ નિર્દેશ આપ્યો હતો. આ પિંક ફોર્સને શાળા, કોલેજો, મેટ્રો સ્ટેશન અને અન્ય સંવેદનશીલ સ્થળોએ તૈનાત કરાશે, જેથી મહિલાઓને છેડતી અને ઉત્પીડનથી રક્ષણ મળી શકે. બેઠકમાં રાજ્યપાલે 'ઓપરેશન સૌજન્ય' ચાલુ રાખવા તેમજ ફરિયાદોના નિકાલ માટે ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમ વિકસાવવા પર પણ ભાર મૂક્યો હતો. બાળકોમાં સાયબર ક્રાઈમ, પોક્સો અને નશામુક્તિ અંગે જાગૃતિ લાવવા પોલીસને સૂચના આપવામાં આવી છે.

# ઓડિશામાં પંચાયત કારોબારી અધિકારીના પરિસરમાં વિજિલન્સના દરોડામાં કરોડોની સ્થાવર-જંગમ સંપત્તિ જપ્ત

ભુવનેશ્વર, તા.૨૩



ઓડિશાના બારગઢ જિલ્લામાં વિજિલન્સ વિભાગે અપ્રમાણસર મિલકત ધરાવવાના કેસમાં પંચાયત કાર્યકારી અધિકારી (PEO) કાર્તિકેશ્વર બેહેરાના ૬ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા છે. રૂ. ૫૨,૩૨૦ નો માસિક પગાર ધરાવતા અધિકારી પાસે તપાસ દરમિયાન કરોડો રૂપિયાની બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે. વિજિલન્સની ટીમોને દરોડા દરમિયાન બે બહુમાળી ઈમારતો, માર્કેટ કોમ્પ્લેક્સ, વેરહાઉસ અને ૩૫ કિંમતી જમીનના પ્લોટ મળી આવ્યા છે. આ ઉપરાંત રૂ. ૨.૯૮ લાખની રોકડ, રૂ. ૩૭ લાખના સોનાના દાગીના, બોલેરો, ટ્રેક્ટર તથા ચાર ટૂ-વ્હીલર જપ્ત કરાયા છે. વેરહાઉસમાંથી આશરે રૂ. ૨૨ લાખની કિંમતના મહુવાના ફૂલો પણ મળી આવ્યા છે. ૧૯૯૪માં માત્ર રૂ. ૫૦૦ના માસિક વેતનથી કારકિર્દી શરૂ કરનાર બેહેરા સામે આવકના જાણીતા સ્ત્રોતો કરતા વધુ સંપત્તિ હોવાના આરોપસર વિજિલન્સના ૫ DSP અને ૮ ઈન્સ્પેક્ટરોની ટીમો દ્વારા સર્ચ વોરંટ આધારે આ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ૩૧ ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવાનું લક્ષ્ય: ગૃહમંત્રી અમિત શાહ

નવી દિલ્હી, તા.૨૩



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નશીલા પદાર્થોના દૂષણ સામે નિર્ણાયક જંગની જાહેરાત કરતાં જણાવ્યું છે કે, ભારત સરકાર યોગ્ય લક્ષ્યાંક, સમયરેખા અને જવાબદારી નક્કી કરીને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં દેશમાંથી ડ્રગ્સના કારોબારને સંપૂર્ણપણે નાબૂદ કરશે. એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ના વડાઓની ત્રીજી રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરતાં તેમણે ભારપૂર્વક કહ્યું કે, ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે અને યુવા પેઢીને બચાવવા માટે ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવું અનિવાર્ય છે. તમામ કેન્દ્રીય વિભાગો અને રાજ્ય સરકારોએ આ મિશન માટે એકસાથે મળીને કામ કરવું પડશે.

અમિત શાહે ઉમેર્યું કે, હવે આપણે માત્ર બેઠકો કે રિપોર્ટિંગ પૂરતા સીમિત ન રહેતા પરિણામલક્ષી કામગીરી, ડ્રગ્સ નેટવર્કને તોડી પાડવા અને આરોપીઓને કડક સજા અપાવવા તરફ આગળ વધવું પડશે. આ સંમેલન ડ્રગ્સ સામે સંપૂર્ણ વિજય

# મેઘાલયના પ્રાદેશિક પક્ષ UDPના આઠ ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા

નવી દિલ્હી, તા.૨૩



મેઘાલયની મુખ્ય પ્રાદેશિક પાર્ટી યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી (UDP)ના આઠ ધારાસભ્યો ભાજપમાં જોડાયા છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ તેમને પક્ષમાં આવકાર્યા હતા. રિજિજુના જણાવ્યા મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ઉત્તર-પૂર્વમાં થયેલા વિકાસ કાર્યથી પ્રભાવિત થઈને આ નેતાઓએ ભાજપનો સાથ પસંદ કર્યો છે. જોડાયેલા ધારાસભ્યોમાં પૂર્વ મંત્રી લખમેન રિમ્બુઈ, પ્યાસ માર્વેન અને કિરમેન શૈલા જેવા અગ્રણી નેતાઓનો સમાવેશ થાય છે.


# પૂર્વાંચલ અને બુંદેલખંડના જિલ્લાઓનો કાયાકલ્પ થશે, યોગી સરકારની જાહેરાત

લખનૌ, તા.૨૩

ઉત્તર પ્રદેશ સરકાર વિશ્વ બેંકના સહયોગથી રૂ. ૨,૫૦૦ કરોડના ખર્ચે 'યુપી ઈડીજીઈ' (UP EDGE) પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે. આ પાંચ વર્ષીય યોજના અંતર્ગત પૂર્વાંચલના ૨૮ અને બુંદેલખંડના ૭ જિલ્લાઓનો આર્થિક વિકાસ કરવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને વિશ્વ બેંકના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ પ્રોજેક્ટના રોડમેપ અંગે ચર્ચા થઈ હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સંસાધનો, કૃષિ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રનો વિકાસ કરી રોજગારીની નવી તકો ઉભી કરવાનો છે. આ પ્રોજેક્ટ હેઠળ આશરે ૧ લાખ નવા સાહસો સ્થાપવાની અને 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' (ODOP) ને વૈશ્વિક બજાર સાથે જોડવાની યોજના છે.

# આઝમગઢમાં પત્ની અને બે પૂજારી સહિત ચારની હત્યા કરનાર આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

આઝમગઢ, તા.૨૩



ઉત્તર પ્રદેશના આઝમગઢમાં એક જઘન્ય હત્યાકાંડ સામે આવ્યો છે. માનસિક રીતે અસ્થિર અરવિંદ કુમારે ઘરની પૂજા દરમિયાન વિવાદ થતાં પોતાની પત્ની, બે પૂજારીઓ અને નવ વર્ષના પુત્રની ગોળી મારીને કુર્રતાપૂર્વક હત્યા કરી દીધી હતી. ઘટના બાદ બાળકોને બંધક બનાવી પોલીસ પર ગોળીબાર કરનાર આરોપી પણ પોલીસ સાથેના સામસામેના એન્કાઉન્ટરમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો, જેને હોસ્પિટલ લઈ જતાં મૃત જાહેર કરાયો હતો. પોલીસે તેની અન્ય બે નાની પુત્રીઓને સુરક્ષિત બચાવી લીધી છે.

# જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં કારમાંથી બેભાન મળી આવેલા બે પોલીસકર્મીઓના મોત

જમ્મુ, તા.૨૩




જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લાના બટોટે વિસ્તારમાં સના રોડ પર સ્થિત ઝિયારત વળાંક નજીકથી ઊભેલી એક કારમાંથી બે પોલીસકર્મીઓ બેભાન હાલતમાં મળી આવતાં ભારે અફરાતફરી મચી ગઈ છે. સ્થાનિક લોકો દ્વારા તેમને તાત્કાલિક રામબન જિલ્લા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા.મૃતક પોલીસ કર્મચારીઓની ઓળખ હેડ કોન્સ્ટેબલ ફરીદ અહેમદ અને સિલેક્શન ગ્રેડ કોન્સ્ટેબલ મોહમ્મદ યાકુબ તરીકે થઈ છે, જેઓ ડીપીએલ (DPL) રામબનમાં તૈનાત હતા. બંને પોલીસકર્મીઓ જમ્મુ-કાશ્મીર રજિસ્ટ્રેશન ધરાવતી ફિયાટ કારમાંથી બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા.પોલીસે ઘટના અંગે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યા છે. કાનૂની વિધિ પૂર્ણ થયા બાદ મૃતદેહો પરિવારોને સોંપવામાં આવશે. આ રહસ્યમય બનાવથી સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ છે.

# શ્રીલંકામાં ૨૭૦ લોકોનો ભોગ લેનાર ઈસ્ટર હુમલા કેસમાં ૧૫ દોષિતોને ૨૦૦ વર્ષ જેલની સજા

કોલંબો, તા.૨૩



શ્રીલંકાની એક વિશેષ કોર્ટે ૨૦૧૯ના ભયાનક ઈસ્ટર આત્મઘાતી હુમલા કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોલંબો હાઈકોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ૨૪ આરોપીઓમાંથી ૧૫ લોકોને દોષિત ઠેરવીને પ્રત્યેકને ૨૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે, જ્યારે અન્ય ૯ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. ૨૧ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ISIS સાથે જોડાયેલા 'નેશનલ તૌહીદ જમાત'ના આત્મઘાતી બોમ્બરોએ ત્રણ ચર્ચ અને ત્રણ વૈભવી હોટલોને નિશાન બનાવી વિસ્ફોટ કર્યા હતા. આ હુમલામાં ૧૧ ભારતીયો સહિત ૨૭૦ લોકોના મોત થયા હતા અને ૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

લગભગ પાંચ વર્ષ સુધી ચાલેલી આ ટ્રાયલમાં આરોપીઓ સામે હત્યા, આતંકવાદી કાવતરું અને ગેરકાયદેસર વિસ્ફોટકો રાખવા જેવા ૨૩,૨૭૦થી વધુ આરોપો ઘડવામાં આવ્યા હતા. કોર્ટે મુખ્ય આરોપી નૌફર મૌલવીને દોષિત ઠેરવ્યો છે. આ કેસમાં પ્રોસિક્યુશન દ્વારા ૨,૩૦૦થી વધુ સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

# રાજયમાં ચોમાસાની વિદાય વચ્ચે જળાશયોમાં પાણીની સ્થિતિ ચિંતાજનક, ૨૦૭માંથી માત્ર ૩૨ ડેમ જ છલોછલ

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં ચોમાસાની વિદાય ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે રાજ્યના ડેમોમાં પાણીનો સંગ્રહ ચિંતા ઉપજાવે તેવો છે. ૨૩ સપ્ટેમ્બરના આંકડા મુજબ રાજ્યના કુલ ૨૦૭ ડેમમાંથી માત્ર ૩૨ ડેમ સંપૂર્ણ ભરાયા છે. સરદાર સરોવર નર્મદા ડેમને ગણતરીમાં લઈએ તો કુલ સરેરાશ જળસંચય ૮૧.૭૮ ટકા થાય છે, પરંતુ તેને



બાદ કરતાં બાકીના ૨૦૬ ડેમમાં સરેરાશ માત્ર ૭૧.૬૦ ટકા જ પાણી બચ્યું છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૮.૭૭ ટકા ભરાયેલો હોવાથી મોટો આશરો છે, પરંતુ અન્ય વિસ્તારોની પરિસ્થિતિ ખરાબ છે. ખાસ કરીને કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પાણીની અછત વર્તાઈ રહી છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં સરેરાશ ૫૧.૩૬ ટકા અને ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૪૬.૬૭ ટકા જ પાણીનો સંગ્રહ છે. દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ડેમોમાં તો સરેરાશ ૧૦ ટકાથી પણ ઓછું પાણી હોવાથી આગામી સમયમાં જળસંકટ ઘેરૂ બનવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

# અમરેલીમાં વરસાદ ખેંચાતાં ઘાસચારાના ભાવમાં ૪૦% સુધીનો ઉછાળો આવતા પશુપાલકોમાં ચિંતા

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતાં ખેતીની સાથે પશુપાલન ક્ષેત્ર પર માઠી અસર પડી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઘાસચારાની અછત સર્જાતાં તેના ભાવમાં ૩૦થી ૪૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે.

રજકો, લીલી અને સૂકી જુવાર તેમજ મકાઈ જેવા મુખ્ય ઘાસચારાના ભાવ રૂ. ૩૦૦થી



૪૦૦ સુધી પહોંચી જતાં પશુપાલકોની મુશ્કેલી વધારા પર છે.


સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ, પૂરતો વરસાદ ન થવાને કારણે ખેતરોમાં ઘાસચારો તૈયાર થયો નથી, જેથી પશુપાલકોને બહારથી ખરીદી કરવાની ફરજ પડી રહી છે.

દૂધાળા પશુઓના નિભાવ માટે લીલો અને સૂકો ઘાસચારો અનિવાર્ય હોવાથી મોંઘા ભાવે પણ તેની ખરીદી કરવી પડી રહી છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં થાય તો ઘાસચારાની ભારે તંગી સર્જાવાની અને ભાવ વધુ ભડકે બળવાની ભીતિ સેવાઈ રહી છે.

# સુરતમાં ઢોર પકડવા ગયેલી SMCની ટીમ પર થયો હુમલો

સુરત,તા.૨૩

સુરતના અમરોલી વિસ્તારમાં રખડતાં ઢોર પકડવાની કામગીરી કરી રહેલી મનપાની ટીમ પર અસામાજિક તત્વોએ હુમલો કર્યો હતો. ગાડી રોકી ત્રણ શખ્સોએ પાલિકાના કર્મચારીઓને ધારદાર હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ પકડેલી ગાયો અને વાછરડાંના દોરડાં કાપી પશુઓને બળજબરીપૂર્વક છોડાવી ગયા



હતા. ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ કર્મચારીઓએ અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદના નરોડામાં અમેરિકન નાગરિકોને લોન સેટલમેન્ટના નામે ઠગતા બે મહિલા સહિત ૭ ઝડપાયા

અમદાવાદ,તા.૨૩

અમદાવાદના નરોડા વિસ્તારમાં હંસપુરા રાજચંદ્ર સર્કલ પાસે આવેલા સાહિત્ય આર્કેડમાં ચાલતા ગેરકાયદે કોલ સેન્ટર પર પોલીસે રેડ પાડીને બે મહિલા સહિત સાત આરોપીઓની ધરપકડ કરી છે. આ કોલ સેન્ટર છેલ્લા ત્રણ મહિનાથી ચાલતું હતું.

આરોપીઓ અમેરિકન નાગરિકોનો ડેટા મેળવી,



અમેરિકાની વિવિધ બેંકોના વકીલ હોવાની ખોટી ઓળખ આપીને લોન સસ્તામાં સેટલ કરાવી આપવાની લાલચ આપતા હતા. ઈ-મેલ અને ફોન દ્વારા અમેરિકનોને વિશ્વાસમાં લઈ ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી લેવામાં આવતી હતી. આ ડેટાનો ઉપયોગ કરીને તેમના ખાતામાંથી પૈસા કાપી લેવાતા અને તે રકમ બિટકોઈન તેમજ હવાલા મારફતે ભારતીય રૂપિયામાં રૂપાંતરિત કરવામાં આવતી હતી. પોલીસે સ્થળ પરથી લેપટોપ, મોબાઈલ અને રાઉટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં જીગેશ ઝાલાહર, દેવાંગ સપકાલ, સુશીલ તોમર સહિત સાત લોકો સામે ગુનો નોંધી નરોડા પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગુજરાત પોલીસમાં વહીવટી સત્તાનું વિકેન્દ્રીકરણ કરાયું

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત પોલીસ તંત્રમાં વહીવટી કામગીરીને વધુ ઝડપી અને સરળ બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. હવે નાની-નાની બાબતોમાં નાણાકીય ખર્ચ, બિલ કે વહીવટી મંજૂરી માટે જિલ્લા પોલીસ વડાઓએ પોલીસ મહાનિર્દેશક (DGP) કચેરી સુધી લાંબા થવું નહીં પડે. 'મિશન બેટર પોલીસિંગ' અંતર્ગત ફિલ્ડ લેવલના અધિકારીઓને વધુ સત્તા સોંપવામાં આવી છે. સત્તાના વિકેન્દ્રીકરણ માટે રચાયેલી **'Committee on Devolution of Power'**ની ભલામણોના આધારે આ નિર્ણય લેવાયો છે. ગૃહ વિભાગના ઠરાવ મુજબ નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૬ હેઠળ રેન્જના વડાને **'Head of Department'** અને જિલ્લા પોલીસ અધિકારીને **'Regional Head'** તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

# તાલાલાના રાતિધાર ગામે ખાટલામાં સૂતેલા ભત્રીજાની કુહાડીના ઘા ઝીંકી કૌટુંબિક કાકાએ કરી હત્યા

ગીર સોમનાથ,તા.૨૩

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના રાતિધાર ગામમાં વહેલી સવારે હત્યાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.

અહીં જૂના વિવાદના મનદુ:ખમાં કૌટુંબિક કાકાએ જ પોતાના ૪૮ વર્ષીય ભત્રીજા પ્રવીણ બચુ સોલંકી પર કુહાડી વડે જીવલેણ હુમલો કર્યો હતો.



ઘરના ફળિયામાં ખાટલામાં સૂતેલા પ્રવીણ સોલંકીને માથાના ભાગે કુહાડીના ગંભીર ઘા મારવામાં આવ્યા હતા. ઘટના બાદ પરિવારે તેમને તાત્કાલિક તાલાલા અને ત્યારબાદ વેરાવળ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કમનસીબ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં તાલાલા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ઈન્ચાર્જ પીઆઈ જે. કે. મોરીના જણાવ્યા મુજબ, પોલીસે ગુનો નોંધી, મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવીને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે ચક્રગતિમાન કર્યા છે.

# સાબરકાંઠામાં બાઈક દીવાલ સાથે અથડાતાં યુવક ગરનાળામાં ખાબકતા બચાવવા પડેલો યુવક પણ ડૂબ્યો, બંનેના કરૂણ મોત

હિંમતનગર,તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક આવેલા કાંકણોલ ગરનાળા પાસે એક હૃદયદ્રાવક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગામડીથી જાદરના મેળામાં જવા માટે નીકળેલા યુવકની બાઈક અનિયંત્રિત થઈ ગરનાળાની પ્રોટેક્શન વોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં યુવક ઉછળીને સીધો



ગરનાળા નીચે ભરાયેલા ઊંડા પાણીમાં ખાબક્યો હતો.


પાણીમાં પડેલા યુવકને બચાવવા માટે અન્ય એક યુવક તાત્કાલિક મદદે દોડી આવ્યો હતો અને પાણીમાં કૂદ્યો હતો. જોકે, કમનસીબે તે પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જેના કારણે બંને યુવકોના પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ બંને યુવકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. આ ઘટનાથી મૃતકોના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ રૂ.૧૪ કરોડથી વધુની રકમ પરત કરી

અમદાવાદ, તા.૨૩

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગપ્તાએ પીએમજેવીકે અને બ્રેઈન મેપિંગ પ્રોજેક્ટ હેઠળ મળેલી ગ્રાન્ટમાંથી રૂ.૧૪ કરોડથી વધુની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવી દીધી છે. આ ઉપરાંત, તેમણે આ પ્રોજેક્ટ્સના પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર પદેથી પણ



રાજીનામું આપી દીધું છે.

તેમની સામે ભરતી કૌભાંડ અને સરકારી ખર્ચે અંગત ચીજો ખરીદવાના ગંભીર આક્ષેપો થયા છે, જેની તપાસ નિવૃત્ત જજ દીપક વ્યાસની કમિટી કરી રહી છે.

પૂર્વ સિન્ડિકેટ સભ્ય ઈન્દ્રવિજયસિંહ ગોહિલે સિન્ડિકેટની યોગ્ય મંજૂરી વિના કરોડો રૂપિયાનો ખર્ચ મંજૂર કરવાનો આક્ષેપ કર્યો છે. તપાસ કમિટીનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી થશે.

# આંકલાવના નવાખલ ગામના સરપંચે મહિલા સાથે દુષ્કર્મ આચરતા ખળભળાટ

આણંદ,તા.૨૩

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના નવાખલ ગામના સરપંચ દિલીપ ઉર્ફે દીપા સોલંકી સામે પરિણીતા પર દુષ્કર્મ આચરવા અને અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેલ કરવાનો ગંભીર ગુનો નોંધાયો છે. સરપંચે મિત્રતાનો ગેરફાયદો ઉઠાવી, પતી અંગે અગત્યની વાત કરવાના બહાને મહિલાને ખેતરે બોલાવી તેના પર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ વાંધાજનક વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તેને હોટલમાં લઈ જઈ ફરી હવસનો શિકાર બનાવી હતી. ૧૯ સપ્ટેમ્બરે સરપંચ પરિણીતાના ઘરે પહોંચી ફરી માંગણી કરતાં મહિલાએ બૂમાબૂમ કરી હતી, જેથી પરિવારજનો આવી પહોંચતાં આરોપી ભાગી ગયો હતો. પરિણીતાએ હિંમત દાખવી આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ચક્રો ગતિમાન કરી ગામ નજીકના ફાર્મ હાઉસમાંથી આરોપી સરપંચની ધરપકડ કરી.

# અંબાજી ભાદરવી પૂનમના મેળામાં શ્રધ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટ્યુ : ત્રણ દિવસમાં ૧૬ લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા



અંબાજી,તા.૨૩

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત ભાદરવી પૂનમના મહામેળાના પ્રથમ ત્રણ જ દિવસમાં ૧૬ લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા છે. અંબાજી તરફ જતા તમામ માર્ગો પર પદયાત્રીઓનો અવિરત પ્રવાહ જોવા મળી રહ્યો છે અને સમગ્ર ધામ પવિત્રતાથી સભર બન્યું છે. ત્રણ દિવસમાં મંદિરના શિખરે ૧૫૦૦થી વધુ ધજાઓ ચડી છે અને મોહનથાળ પ્રસાદના ૧૫ લાખથી વધુ પેકેટનું વિતરણ થયું છે. મંદિર ટ્રસ્ટને દાન-ભેટ પેટે રૂ.૮૪.૮૬ લાખની આવક થઈ છે.

આ વર્ષે ૧૯૨ વર્ષ જૂનો 'લાલ ડંડા સંઘ' અને ૧૬૨ વર્ષ જૂનો 'વ્યાસવાડી સંઘ' અંબાજી પહોંચી ધજા અર્પણ કરી પરંપરા જાળવી રહ્યા છે. રાત્રિ દરમિયાન યોજાયેલ ભવ્ય આધ્યાત્મિક ડ્રોન શો ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આગામી દિવસોમાં હજુ લાખો ભક્તો આવે તેવી શક્યતા છે.





